RNI NO. GUJGUJ/2015/64872

Happy Independence Day

ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

SINCE - 1968

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-3, Issue No-1 | Ahmedabad, Saturday 05/08/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

આ અંકમાં શું વાંચશો?

ભારતીય અવકાશ વિજ્ઞાનના પિતાઃ ડૉ. વિક્રમ સારાભાઇ ૨

બાળકોના જીવનનો સુદ્દઢ પાયો રચવા માટેના સચોટ ઉપાયો 3

બ્રહ્માંડની સફરે ૪

ઓગષ્ટ મહિનામાં આવતા તહેવારો ૬-૭

હીપેટાઇટીસ એ ૮

૧૫મી ઓગષ્ટ

દેશ તો આઝાદ થાતાં થઇ ગયો, તે શું કર્યું ?
જે દિવસની અમે રાહ જોતા હતા તે શું છે? આવ
જેની ઉષાનો પાલવ દૂધમલ શહિદો તણા
પવિત્ર રક્તથી થયો રંજીત, તે તુ છે ?આવ
આવ હે સુદિન અમ મુક્તિ તણા!

-ઉમાશંકર જોષી

૧૫ ઓગષ્ટ-સ્વતંત્રતા દિવસ. ભારતના ૭૧મો સ્વાતંત્ર્ય દિવસ. આજનો દિવસ આપણાં દેશ માટે સોનેરી દિવસ તરીકે ઉજવાય છે. અંગ્રેજોની ૨૦૦ વર્ષની ગુલામીમાંથી આપણે આઝાદ થયા તે દિવસ તો આપણા ઈતિહાસનું સોનેરી પાનું બની ગયો છે. અત્યારે આપણે આઝાદીના અર્થને સમજીએ છીએ ખરા ? ના.. કારણકે આપણે જન્મ્યા ત્યારથી જ આઝાદીનો શ્વાસ લઈએ છીએ. અને એવું કહેવાય છે કે જે વસ્તુ આપણને મફતમાં અથવા સહેલાઈથી મળે તેની આપણા મનમાં કંઈજ કિંમત હોતી નથી. અરે! આઝાદી કોને કહેવાય તે પ્રશ્ન આપણાં શહિદોને પૂછો, એ સમયનાં આપણાં સ્વાતંત્ર્ય વીરોને પૂછો, લોહી રેડીને જેમણે સામી છાતીએ ગોળીઓના વરસાદને ઝીલ્યો છે એવા લોકોને પૂછો તો તેનું મહત્વ સમજી શકાય..!! આપણાં પૂર્વજોએ જે શહિદી વહોરીને આપણને આ અમૂલ્ય ભેટ આપી છે તેને સાચવવાની જવાબદારી મારી, તમારી અને આપણાં સહુની છે.

ઉજવણીની ભવ્ય તૈયારીઓ થવા લાગી છે. શાળા-કોલેજોમાં સરકારી પરિપત્ર આવી ગયા છે. ૧૫મી ઓગષ્ટ નજીક આવી રહી હોય ત્યારે ભારતીય પ્રજામાં જાણે-અજાણે શૂરાતન ચડી જાય છે. એ દિવસે લગભગ બધાજ પોતાને શહિદ ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ માનવા લાગે છે.

હિન્દી ફિલ્મોના હોય તેટલા તમામ દેશભક્તિ ગીતો ૧૫મી ઓગષ્ટે વગાડી દેવામાં આવે છે. કાન ફાડી નાખે તેવા ડીજેના અવાજે આખા શહેરને બાનમાં લઈને વાહનોની રેલી નીકળી પડે છે. ચોતરફ તિરંગાઓ લહેરાવતા યુવાનો-યુવતીઓને જોઈને હૈયું ગદ્‌ગદિત થઈ ઉઠે છે. વાહ! શું આપણું યુવાધન છે! ! ! કેવું દેશભક્તિના રંગે રંગાઇ ગયું છે. પરંતુ આ ઉન્માદ માત્ર એક દિવસ પૂરતો જ હોય છે, બીજા દિવસે બધું ભુલાઇ જાય છે. યુફોરીયાની આવી કક્ષા ભારતમાં જ જોવા મળે. ઈટ હેપન્સ ઓન્લી ઈન ઈન્ડિયા. ‘સુનો ગોરસે દુનિયા વાલો, બુરી નજર ન હમ પે ડાલો’ જોર શોરથી ગાવા-ગવડાવવાથી દેશ ભક્ત બની જવાતું નથી. દેશ માટે સામી છાતીએ લડવા માટેની તાકાત હોવી જોઈએ. જરા યાદ કરો કુરબાની ગાવાથી ગયેલા પાછા આવવાના નથી, પણ જેને માટે શહિદોએ શહિદી વ્હોરીએ સુજલામ સુફલામ ભારત દેશ ખરા અર્થમાં શહિદ થયો છે ખરો? દેશના લોકો સતત એવી આશામાં જીવી રહ્યાં છે, કંઈક ચમત્કાર થશે પણ ૭૧ વર્ષ પછી ભારત ઠેરનું ઠેર છે. ૭૧ વર્ષએ ઘણી લાંબી મજલ કહી શકાય. ૭૧ વર્ષનું સરવૈયું કાઢીએ તો નફાની આશામાં ‘ખોટ’ વધતી દેખાય છે. ભારતની સાથે જ સ્વતંત્ર થયેલા અન્ય રાષ્ટ્રોના વિકાસની હરણફાળ જોઈએ તો ચોક્કસ કહી શકાય કે દેશ તો આઝાદ થતા થઈ ગયો, તે શું કર્યું ? (સત્તા પર બેઠેલા). ૧૯૪૫માં જાપાનના હિરોશીમાં અને નાગાસાકી પર પરમાણું બોમ્બ ફેંકાયા, બીજુ કોઈ રાષ્ટ્ર હોત તો કદાચ લુપ્ત પ્રાયઃ થઈ જાત, પણ આતો જાપાન હતું. ફિનીક્સ પંખીની જેમ પોતાની રાખમાંથી બેઠા થઈ માત્ર

અને માત્ર ટેકનોલોજીના વિકાસ પાછળ મંડી રહેલ જાપાનનો વિકાસ જુઓ. તેઓ ક્યાં છે અને આપણે ક્યાં છીએ ? સ્વતંત્ર ભારતના સ્વતંત્ર નાગરિક તરીકે આપણે ક્યાં ઉભા છીએ તે જાણવા કરતાં આપણે કઇ દિશામાં આગળ વધી રહ્યા છીએ તે જાણવું વધારે મહત્વની બાબત છે. ઈતિહાસ સાક્ષી છે કે યુદ્ધનાં મેદાન પર કદી આપણી સામે જીતી ન શકેલ પાકિસ્તાન આંતકવાદને પોષીને ભારતને જંપવા નથી દેતું.

સરહદ પર તૈનાત હજારો જવાનોની કુરબાની કેટલા સમય સુધી ? ૭૧ વર્ષ પહેલા શહિદ થયેલ સ્વાતંત્ર્ય સેનાનીઓને શત-શત પ્રણામ, પરંતુ હાલ ફરજ પર રહેલા જવાનો શહિદ થઈ રહ્યા છે. તેનું શું ? આ પ્રશ્નનો કાયમી ઉકેલ કેમ નથી આવતો ? ચીન અને પાકિસ્તાનની આડોડાઈને સહિષ્ણુ બની ક્યાં સુધી સાંખવાની ? સહિષ્ણુતા લાંબા ગાળે કાયરતામાં ખપે છે. જેઓ સલામતી મેળવવા ખાતર સ્વતંત્રતા જતી કરવા ઈચ્છે છે તેમને બંનેમાંથી એક પણ નહીં મળે અને તેઓ એને લાયક પણ નથી. સ્વતંત્રતાનું રહસ્ય જ શૌર્ય છે.

૭૦માં વર્ષમાં એક સૌથી સારી વાત એ બની કે ભારતીય લશ્કર સેક્યુલર રહ્યું છે. તેણે નાગરિક સરકારને કદાપી હટાવી નથી. ભારતના પડોશના દેશોમાં, ખાસ કરીને પાકિસ્તાન, મ્યાંમાર અને મલેશિયામાં આવું વારંવાર બન્યું છે. ભારતનું લશ્કર ખરેખર સલામને પાત્ર છે. યુદ્ધ હોય કે કુદરતી હોનારત, ભારતના લશ્કરના જવાનો ખડે પગે હોય છે. આપણે શાંતિથી સૂઈ શકીએ છીએ તેના માટે સરહદ પર ચોવીસ કલાક જાગતા જવાનો જવાબદાર છે, ભારત માતાના સપૂતોને ભાષણબાજીમાં રસ નથી. ભારતમાં જે કંઈ ખરેખર મહાન અને પ્રેરક છે એનું સર્જન સ્વતંત્રતાની આબોહવામાં મહેનત કરનારાઓએ કર્યું છે. ભારતની બીજી ગણનાપાત્ર બાબત તેનું લોકશાહી મેનેજમેન્ટ છે. તદુપરાંત શક્ય તેટલી નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવતું ચૂંટણીપંચ પણ છે. સૌથી મહત્વનું પરિબળ જેણે ભારતને સરમુખત્યારશાહીમાંથી બચાવી લીધું તે છે ભારતનું ન્યાયતંત્ર. અત્યારના સત્તા લોલુપ રાજકારણીઓ એક જ સંસ્થાની મર્યાદા રાખે છે. અને તેનાથી થરથર કાંપે છે અને તે છે આપણી જ્યુડિશિયરી, ભારતની સુપ્રીમ કોર્ટે ભલભલા સરકારી માંધાતાઓને જેલ ભેગા કર્યા છે. વખતે-વખતે સત્તા પર બેઠેલાઓના કાન આમળીને લપડાકો પણ મારી છે.

ભારતના પવિત્ર નાગરિકો પોતાનો અવાજ પણ ઉઠાવ્યા વિના પારકા પ્રપંચનો ભોગ બની ડૂબી ન મરે તે માટે ન્યાયતંત્ર બનતી મહેનત કરે છે. ‘મારું સત્ય એજ સારૂં સત્ય’ ના નારા લગાવનારા લુચ્ચા નેતાઓ રાજનીતિને બદલે કેવળ રાજ કરતાં શીખી ગયા છે. પત્રકારો, લેખકો અને સાહિત્યકારોનો ધર્મ જે જે કંઈ સ્થાપિત હિત છે, તેને પડકારવાનો હોય ચાપલૂસી કરવાનો ન હોય, અજમેરી લોટા જેવા આપણે જે કોઈ સત્તા પર હોય તેને વ્હાલા થવા ગલૂડિયાની જેમ આળોટીએ છીએ. જનારાને ખોળ અને આવનારાને ગોળ! જ્યાં આખી જનતા મૂલ્યને બદલે માલની આરતી ઉતારતી થાય એ દેશના ભવિષ્ય માટે જરૂર સવાલ ઉભા થાય. માત્ર વોટ્સએપ અને ફેસબુકના માધ્યમથી ઢગલાબંધ દેશ પ્રેમના મેસેજ ફોરવર્ડ કરવાથી દેશભક્ત થઈ જવાતું નથી. ૧૬મી ઓગષ્ટે જમીન પર રગદોળાતા તિરંગા કેટલા ઉઠાવે છે ? રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે તેને માન આપવા કેટલા ઉભા થઈ જાય છે ? ભારત માતાકી જય.. વંદે માતરમ્

ચાલો, આ સ્વાતંત્ર્ય દિવસે આપણે આઝાદીની લડાઈમાં જાન ન્યોછાવર કરનાર સુભાષબાબુ, ભગતસિંહ અને ખુદીરામ બોઝ જેવા શહિદોને અને મહાત્મા ગાંધી, સરદાર, નહેરૂ જેવા નામી અને અનામી અનેક સ્વાતંત્ર્ય વીરોને યાદ કરીએ અને એમને ભાવભીની શ્રદ્ધાંજલી આપીએ.

બલદેવ જે. પરી
શિક્ષક, જૂનાગઢ

"મારી નજરે સ્ત્રી"

મારી નજરે મહિલા શબ્દનો અર્થ ખૂબજ વિશાળ છે. સંસારની ઉત્પત્તિનો પાયો જ સ્ત્રી છે. સ્ત્રી પાત્ર વિના આ સંસાર ક્યારનોય પતન પામી ચૂક્યો હોત. માટે જ કહેવાયુ છે કે 'સ્ત્રી એક ઈશ્વરીય ઉપહાર છે. જીસે સ્વર્ગ કે ખો જાને પર ઈશ્વરને મનુષ્ય કો ઉસકી ક્ષતિપૂર્તિ કે લીયે દિયા હૈ.'

આમ, મનુષ્યની ક્ષતિપૂર્તિ માટે અવતરેલી સ્ત્રી માનવ સૃષ્ટિ માટે અમૃત સમાન છે. સમગ્ર માનવ જાતની ઉત્પત્તિ અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે પુરૂષનો જેટલો ફાળો છે તેનાથી પણ વધારે સ્ત્રીઓનો ફાળો રહેલો છે. સ્ત્રી સંસારનો પાયો છે. તે એક પ્રેરણા સ્ત્રોત છે. તે પ્રેમની દેવી છે. તમામ બંધનો માંથી મુક્તિ અપાવનાર મહાન શક્તિ છે.

'સ્ત્રી કા હૃદય દયા કા સાગર હૈ, ઉસે જલાઓ તો ઉસસે દયા કી હી સુગંધ નીકલતી હૈ, પીસો તો દયા કા હી રસ નીકલતા હૈ. વહ દૈવી હૈ વિપત્તિ કી ક્રૂર લીલાયે ભી ઉસ નિર્મલ ઔર પવિત્ર સ્ત્રોત કો મલિન નહી કર સકતી.'

ઈતિહાસમાં પણ ડોકિયુ કરીને જોઈએ તો મહાન પુરૂષોની સફળતા પાછળ સ્ત્રીઓનો પાયારૂપ ફાળો રહેલો જ હોય છે. પછી તે સ્ત્રી માતાના રૂપમાં હોય, બહેનના કે પછી ધર્મ પત્નિના રૂપમાં હોય મહાન પુરૂષોના જીવનમાં સ્ત્રીઓનો ફાળો મહત્વનો રહ્યો છે.

ઈશ્વરની તુલનામાં આવતા તુલસીદાસને યુવાવસ્થામાં તેમની પત્નિ રત્નાવતી તરફ અત્યંત મોહ હતો. રત્નાવતીને પિયર મળવા ગયેલા મોહિત તુલસીદાસે સાપને પણ દોરડું ગણી લીધુ હતુ. ત્યારબાદ રત્નાવતીએ સત્ય અને કઠોર વચનો કહ્યા અને તેને પરિણામે તુલસીદાસે સંસારનો ત્યાગ કર્યો અને આપણને મહાન સંત મળ્યા. ભગવાનશ્રી રામની સફળતા પાછળ માતા કૌશલ્યા અને સીતાજીનો પ્રશંસનીય ફાળો રહેલો છે. શિવાજીની શૂરવીરતા નો પાયો ગણી શકાય તેવી વ્યક્તિ હતી તેમની માતા જીજાબાઈ. સિધ્ધરાજ જયસિંહનો વિજય પથ આગળ ધપાવવામાં તેમના માતા મીનળદેવીનો પ્રશંસનીય ફાળો રહેલો છે.

આજથી દોઢ સો વર્ષ પૂર્વેના ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ ફક્ત ગુલામડી કે પાલતુ પશુ જેવી હતી. પરંતુ ત્યારે સ્ત્રી ઉદ્ધાર માટે રાજા રામ મોહનરાયનાં દૃઢ સંકલ્પ અને પ્રચંડ પુરૂષાર્થના ફળ સ્વરૂપે ઈ.સ. ૧૮૨૭માં લોર્ડ વિલિયમ બેન્ટિકે આ નિરાધાર મહિલાઓને રક્ષણ આપતો કાયદો કરીને સતી પ્રથા નાબુદ કરી અને સ્ત્રી સમાજને માનવીય દરજ્જો આપનાર સર્વ પ્રથમ મુક્તિ દાતા એવા રાજા રામ મોહનરાયને મનોમન વંદન કરી કૃતાર્થ થઈએ.

મનુ સ્મૃતિમાં સ્ત્રીને માન આપતો શ્લોક છે.

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफला : क्रियाः ॥

અર્થાત જ્યાં સ્ત્રીઓનો આદર કરવામાં આવે ત્યાં દેવો પણ ખુશ રહે છે. અને જ્યાં તેમનો આદર કરવામાં આવતો નથી ત્યાં સઘળી ક્રિયાઓ નિષ્ફળ જાય છે.

આજે પ્રત્યેક ક્ષેત્રમાં નારીએ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શિક્ષણ સાહિત્ય, રાજકારણ, અભિનય કલા, સંગીતકલા, ચિત્રકલા, રમત-ગમત, વિજ્ઞાન, અવકાશ વગેરે ક્ષેત્રે સ્ત્રીઓ મહત્વપૂર્ણ ફાળો આપી રહી છે. જાહેર જીવનમાં કદમ મૂકનાર સ્ત્રીઓએ જરૂરથી સફળતા હાંસલ કરી છે. અને પુરૂષ કરતાંય એક કદમ આગળ છે. આજે આપણે દીકરાના જન્મથી જેટલા ખુશ થઈએ છીએ તે કરતાંય દીકરીના જન્મથી વધારે ખુશ થવુ જોઈએ. કારણકે આવનારા સમયમાં સ્ત્રી મહત્વનું સ્થાન ધરાવતી હશે.

સ્ત્રી સંસારનો પાયો છે. તે એક પ્રેરણા સ્ત્રોત છે. તે પ્રેમની દેવી છે. તમામ બંધનો માંથી મુક્તિ અપાવનાર મહાન શક્તિ છે.

સ્ત્રી પાસે રૂપ, રંગ સુંદર આભૂષણો છે. પણ તેની પાસે સંસ્કારનું સૌદર્ય પણ છે. જેમના અંતર્મનમાં શુભ ભાવનાઓના પુષ્પો ખીલેલા હોય છે. એમના ચહેરા પર પુષ્પોની સૌરભ મહેંક છે. એ સૌરભથી સંપૂર્ણ વ્યક્તિત્વ મહેંકી ઉઠે છે. સ્વભાવની નિખાલસતા ચિત્તની નિર્મળતા અને વ્યવહારની સ્પષ્ટતા વિના જીવનની સ્પષ્ટતા નથી. એકજ અવતારમાં સ્ત્રીના બે વાર જન્મ થાય છે. એક તેનો જન્મ થવાથી અને બીજો તે પરણીને (સાસરે) સ્વગૃહે જાય છે. સાસરામાં તે સારા સંસ્કારો અને દરેક સાથેના વ્યાવહારીક વર્તન અને વાણીથી પોતાની આગવી પ્રતિભા ધરાવે છે. સંસ્કારી સ્ત્રી દ્વારા સુસંસ્કૃત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થઈ શકશે.

અને અંતે ખૂબજ અગત્યની બાબત છે. કે દરેક માતા-પિતા પોતાની દીકરીને સ્વાવલંબી બનાવવી જોઈએ. એનામાં એવું કૌશલ્ય વિકસાવવું જોઈએ. જેથી તે જીવન નિર્વાહ માટે આર્થિક ઉપાર્જન કરી શકે. પ્રાથમિક જરૂરીયાતો સંતોષવા માટે તેણે કોઈની અપેક્ષા રાખવી ન પડે. અસામાન્ય સંજોગોમાં સ્ત્રી તેના કૌશલ્યનો ઉપયોગ કરી સ્વ બળે આત્મવિશ્વાસ પૂર્વક પોતાનું જીવન સારી રીતે વિતાવી શકે. જો સ્ત્રીઓ સ્વાવલંબી બને તો જ સમાજ સમૃદ્ધ બને અને તે દ્વારા રાષ્ટ્રની આબાદી વધે છે.

સથવારા નિમિષા
આચાર્ય, અમદાવાદ

ભારતીય અવકાશ વિજ્ઞાનના પિતા: ડૉ. વિક્રમ સારાભાઇ

ઈસરો (Indian Space Research Organization Isro) એ તા. ૧૫-૨-૨૦૧૭ ના રોજ એક સાથે ૧૦૪ ઉપગ્રહો સફળતા પૂર્વક અવકાશમાં તરતા મૂકીને વિશ્વભરમાં ભારતનો ડંકો વગાડી દીધો છે. ભારતની આ અજોડ સિદ્ધિનો યશ ઈસરોના ચેરમેન એ.એસ. કિરણકુમારને અને તેમની ટીમને ફાળે જાય છે. આ યશના એટલા જ હકદાર ડો. વિક્રમ સારાભાઈ પણ છે. કારણ ઈસરો (ભારતીય અવકાશ સંશોધન સંસ્થા)ની સ્થાપનાનો સૌ પ્રથમ વિચાર ડો. વિક્રમ સારાભાઈએ કર્યો હતો. તેમના અથાક પ્રયત્નોને પરિણામે જ ઈસરોની સ્થાપના થઈ શકી. તેના અધ્યક્ષ પદે પણ તેમણે સેવા આપી હતી.

કવિવર રવિન્દ્રનાથ ટાગોર એક વખત અમદાવાદ આવ્યા ત્યારે તેમના એક મિત્રના ઘરે ગયા. તે મિત્રનો બાળક ઘોડિયામાં સૂતો હતો. બાળકનો તેજસ્વી ચહેરો જોઈને કવિ વરે કહ્યું. "આ બાળક તો ખૂબ મહાન બનશે." મિત્રો, આ બાળક એટલે સરલાદેવી અને અંબાલાલ સારાભાઈનું સંતાન ડો. વિક્રમ સારાભાઈ તેમનો જન્મ ૧૨-૮-૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ પોતાના ઘરેજ મેળવ્યું હતું. દરેક વિષયના નિષ્ણાંત શિક્ષકો તેમને શિક્ષણ આપવા ઘરે આવતા હતા. બાળપણથી વિક્રમભાઈમાં સર્જન શક્તિ ગજબની હતી. તેમના પિતાશ્રી પરદેશથી એક રમકડાની ગાડી લાવ્યા. આ જોઈને તેમને પોતાની જાતે ગાડી બનાવવાની ઈચ્છા થઈ અને સ્વ પ્રયત્ને બનાવી પણ ખરી. તેમણે બનાવેલી આગગાડી વિક્રમ સારાભાઈ કોમ્યુનિટિ સેન્ટર અમદાવાદમાં આજે પણ છે.

ડો. વિક્રમ સારાભાઈ ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા હતા. સેન્ટ જોહનસ કોલેજમાંથી તેમણે ટ્રીપોસની પદવી અને યુ.કે.ની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની પદવી મેળવી હતી.

ડો. વિક્રમ સારાભાઈએ ઈ.સ. ૧૯૪૧ થી ૧૯૪૬ દરમિયાન ડો. સી.વી. રામનના માર્ગ દર્શન હેઠળ ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગલોરમાં કોસ્મિક રેઝનો અભ્યાસ કર્યો હતો. તેમને સોલાર ફિઝીક્સ અને કોસ્મિક રેઝ પ્રત્યે ઉંડો રસ હતો. આથી તેમણે ભારતમાં વિવિધ જગ્યાએ અવકાશી અવલોકન કેન્દ્રોની સ્થાપના કરી. અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (T.R.L.) ની સ્થાપનામાં પણ તેમનું નોંધપાત્ર યોગદાન છે. Indian Institute of Management (I.I.M.) Ahmedabad, નું આજે ભારતભરમાં ગૌરવવંતુ સ્થાન છે. આ સંસ્થાની સ્થાપના પણ ડો. વિક્રમ સારાભાઈએ કરી હતી.

કાપડ ઉદ્યોગમાં ઉત્તમ ક્વોલિટીની જાતોના સંશોધન માટે તેમણે ઉદ્યોગપતિ કસ્તુરભાઈના સાથ સહકારથી 'અટીરા' (Atira-Ahmedabad Textile Industry's Research Association) ની સ્થાપના કરી અને તેના પ્રથમ નિયામક પણ બન્યા હતા. આ ઉપરાંત તેમણે કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અમદાવાદ, ઘુમ્બા રોકેટ લોચિંગ સ્ટેશન ત્રિવેન્દ્રમ, શ્રી હરિકોટા રોકેટ રેન્જ, એક્સપેરિમેન્ટલ સેટેલાઈટ કોમ્યુનિકેશન અર્થ સ્ટેશન, ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ડિવિઝન, ન્યુ કિલયર સેન્ટર ફોર એગ્રિકલચર – દિલ્હી જેવી અનેક સંશોધન સંસ્થા સ્થાપી.

ડો. વિક્રમ સારાભાઈ ભારતીય અણુ પંચના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેમણે ૮૫ જેટલા વૈજ્ઞાનિક અને સંશોધકીય લેખો પણ લખ્યા છે. ઉપગ્રહ દ્વારા દેશના અંતરિયાળ વિસ્તાર સુધી સંદેશા વ્યવહાર અને ટીવી પ્રસારણ પહોંચે એ તેમનું સ્વપ્ન હતું. જે આજે સાકાર થયુ છે. ડો. વિક્રમ સારાભાઈ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. "યુવાનો શોધો, તેમને જવાબદારી આપો અને લક્ષ્ય પર પહોંચવા તેને મદદ કરો." આ તેમનો જીવનમંત્ર હતો.

ડો. વિક્રમ સારાભાઈને અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૬૨માં ભટનાગર પુરસ્કાર, ઈ.સ. ૧૯૬૬માં પદ્મભૂષણ અને ઈ.સ. ૧૯૭૨માં તેમના અવસાન બાદ મરણોત્તર 'પદ્મ વિભૂષણ' આપવામાં આવ્યો હતો.

દેશના વિકાસ માટે વિજ્ઞાનનો વિકાસ અને તમામ ક્ષેત્રે ટેકનોલોજીનો વિકાસ થાય તે માટે ભગીરથ પ્રયાસ કરનાર ડો. વિક્રમ સારાભાઈનું ૩૦મી ડિસેમ્બર ૧૯૭૧ના રોજ નિધન થયું હતું.

રાજેશ ધામેલિયા
શિક્ષક, સુરત

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

બાળકોના જીવનનો સુદ્દઢ પાયો રચવા માટેના સચોટ ઉપાયો

દરેક માતા પિતા પોતાના બાળકને સર્વગુણ સંપન્ન બનાવવા ઈચ્છે છે. બાળપણ, તરૂણાવસ્થા, યુવાવસ્થા અને લગ્ન પછી ગૃહસ્થાશ્રમ જેવા દરેક તબક્કે પોતાનું બાળક સફળતા મેળવી શ્રેષ્ઠતા મેળવે એવું ઈચ્છે છે.

બાળકને જન્મ આપવાનું સૌભાગ્ય દરેક માતા – પિતાને મળે છે. પણ, બાળકને સુસંસ્કારી બનાવવાની સાધના, મનોબળ અને ધીરજની કસોટીમાં ઉચ્ચ અને આદર્શ વિચારોવાળા માવતર જ સફળ થઈ શકે છે. બાળકને જન્મ આપી જીવન સંસ્કાર આપવાનું કામ અઘરૂં તો છે ! પણ, નીચે પ્રમાણેના કેટલાક સચોટ ઉપાયોને અનુસરી બાળકોનું ઘડતર કરવામાં આવે તો બાળ જીવનનો સુદઢ પાયો રચવામાં ચોક્કસ સફળતા મળે.

માતા પિતાએ ઉચ્ચ આદર્શો કેળવી શ્રેષ્ઠ બનવું :

બાળક માટે એના પ્રારંભિક જીવનના આદર્શ એના માતા-પિતા છે. એમના સર્વ પ્રકારના વાણી-વ્યવહારનું અનુકરણ બાળક કરે છે. બાળક તેના પ્રથમ તબક્કાના વર્ષોમાં સારૂં અને ખરાબ પોતાના માતા-પિતા-પરિવારજનો પાસેથી જ શીખે છે. માટે દરેક પરિવારજનોએ પોતાના પ્રત્યેક આચરણને શ્રેષ્ઠતાની એરણે ચડાવતા રહેવું જોઈએ.

બાળકનો પ્રેમ અને આનંદ પૂર્વક ઉછેર કરવો. :

બાળકનાં પ્રથમ પાંચ વર્ષના સમયમાં એના વિકાસ માટે પ્રેમ અને આનંદ આ બે પરિબળો ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. પ્રેમ એ વિવેકયુક્ત પ્રતિમાની પૂર્વ શરત છે. બાળકને એટલો પ્રેમ આપો કે એ તમારી કોઈપણ પ્રેમપૂર્વક કહેલી વાતનો અસ્વીકાર ન કરે. તમારા પ્રેમનું બેલેન્સ પર્યાપ્ત હશે તો ક્યારેક તમે કરેલા ગુસ્સાનો ભાર એ સરળતાથી ઝીલી શકશે. અને એની સમજણની માત્રા વધશે. આપેલા પ્રેમના પરિણામે એ આનંદયુક્ત બાળપણનો અનુભવ કરી, સલામતી અનુભવશે. આમ કરવાથી બાળક સદ્ગુણી અને પ્રેમાળ બનશે.

બાળકને પ્રત્યેક બાબતો ચીવટ અને ધૈર્યપૂર્વક સમજાવવી :

બાળકના જીવન ઘડતરમાં કેટલીક નાની નાની બાબતો પણ મહત્વની હોય છે અને જેની સીધી અસર બાળકના વર્તન ઉપર જોવા મળે છે. જેમકે વડીલો સાથે વિવેકપૂર્વક બોલવાની રીત, મહેમાનોનું અભિવાદન કરવાની રીત, શિષ્ટાચાર પૂર્વક જમવાની રીત, મિત્રો અને સાથીઓમાં વહેંચીને ખાવાની રીત, પોતાની અભ્યાસ સામગ્રી ગોઠવવાની રીત, પોતાના ઘરમાં કે આસપાસ સ્વચ્છતા રાખવાની ટેવ, સમય પાલનની ટેવ વગેરે... વગેરે... આવી ઘણી બાબતો વણસ્પર્શી રહી જાય છે. બાળકને નાનપણથી જ એ સમજાવવું જોઈએ કે કોઈપણ કામ નાનું નથી તેમજ નાની નાની બાબતોનું મોટું મહત્વ છે. માટે આ બધી બાબતોને સમજી ચીવટ અને ધૈર્યપૂર્વક જીવનમાં ઉતારવી જોઈએ.



બાળક સાથે નિરંતર સંવાદ કરો :

બાળક સાથે વાદ-વિવાદ અને પ્રતિવાદ ન કરતાં નિરંતર સંવાદ કરવો આવશ્યક છે. સહજ, સ્વાભાવિક અને પ્રેમપૂર્ણ સંવાદ કરવાથી બાળક અને માતા-પિતા વચ્ચે આત્મીયતા સ્થપાય છે. અને વિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. સંવાદ કરતી વખતે ધ્યાનમાં એ રાખવું જોઈએ કે બાળકની વાત શાંતિથી સાંભળવી. એની ઉપેક્ષા કે અવગણના ન કરવી. એની વાત ખૂબ મહત્વની છે. એવું બાળકને તમારા વ્યવહારથી લાગવું જોઈએ. આમ કરવાથી એ ખુલશે અને ખીલશે

બાળકને સર્વ વ્યાપક બનાવો :

ઘણા માતા-પિતા બાળકને જાણ્યે-અજાણ્યે સંકુચિતતા તરફ દોરી જાય છે. બાળકના સારા મિત્રોને આવકાર આપવો અને એમની સાથે સમદ્દષ્ટિથી વ્યવહાર કરવો.

બાળક સ્વાર્થી બને એવી વાતો કે શિખામણ ન આપવી. શ્રેષ્ઠ અને આદર્શ વ્યક્તિઓની સારી બાબતો ઉપર ધ્યાન દોરવું. બધા સાથે સારી રીતે હળી-મળીને રહેવાનું સમજાવવું.

મુશ્કેલીમાં બીજાને મદદરૂપ થવું જોઈએ એવો વ્યવહાર માતા પિતાએ સ્વઆચરણથી બાળકને શીખવવી જોઈએ. બાળક સામે નકારાત્મક કે ટીકાત્મક વાતો ન કરવી.

આ બધી બાબતો જીવનશૈલી અને જીવન દ્દષ્ટિ વિકસાવવા માટેની છે. એનાથી બાળકનો સુદઢ પાયો રચાશે.

ખોડાભાઈ પટેલ (ધર્મેશ)
આચાર્ય, મહેસાણા

૨૯, ઓગષ્ટ ભારતનો રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ

પ્રિય વાંચકો આપણે જાણીએ છીએ તેમ ૨૯, ઓગષ્ટ ભારતનો રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ છે. આપણે શામાટે આ દિવસને આ વિશેષ તારીખે ઉજવીએ છીએ ? કારણકે તે એ દિવસ છે કે જ્યારે ભારતના મહાન હોકી ખેલાડી ધ્યાનચંદની જન્મતિથી ઉજવાય છે. જેનો જન્મ ૨૯ ઓગષ્ટ ૧૯૦૫માં અલ્હાબાદમાં થયો હતો. તેમના પિતા સમેશ્વર દત્ત સિંધ બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા હતા. ધ્યાનચંદ એ એવા ભારતીય હોકી ખેલાડી હતા કે જેમને સદાકાળ મહાન રમતવીર તરીકે ગણવામાં આવે છે. હોકીમાં યાદગાર ગોલ કરવા માટે અને ઓલિમ્પિકમાં ત્રણ વખત સુવર્ણ ચંદ્રક (૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬) અપાવવા બદલ હરહંમેશ યાદ કરવામાં આવે છે. હોકી દ્વારા દડા પર નિયંત્રણ રાખવા બદલ તેઓ જાદુગર તરીકે ઓળખાય છે. ભારતીય હોકી જગતના સુવર્ણયુગને આપણી પેઢી ક્યારેક શંકાથી જુએ છે કે ભારતે ઓલિમ્પિકમાં હોકીની રમતમાં ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬માં સતત ત્રણવાર સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. આ યુગના પ્રણેતા તે બાર મેચમાં ૩૩ ગોલ કરનાર બીજુ કોઈ નહીં પરંતુ ધ્યાનચંદ હતા.

ઈ.સ. ૧૯૩૬ની ઓલિમ્પિકમાં ધ્યાનચંદે હોકી સ્ટીકથી એવું અદ્ભુત કૌશલ્ય દર્શાવ્યું કે જર્મનીના દરેક દૈનિક સમાચાર પત્રના તેઓ મુખ્ય સમાચાર બન્યા.



"ઓલિમ્પિકના મેદાન પર હવે જાદુનો શો પણ થાય છે." બીજે દિવસે આખા બર્લિન શહેરમાં પોસ્ટર્સ વહેંચાયા જેમાં નિમંત્રણ હતુ કે 'ભારતીય જાદુગર ધ્યાનચંદને રમતા જોવા હોકી સ્ટેડિયમ પર આવો.' ધ્યાનચંદના કૌશલ્ય વિશે અનેક વાતો સાંભળવા મળે છે કે તેઓ પાસે અદ્ભુત "ઔલોકિક અને ઈશ્વરીય શક્તિ હતી." એક પ્રસંગે સ્પર્ધક ટીમે હોકીની ટીક નીચે કોઈ ચીકણો પદાર્થ તો લગાવ્યો નથીને એનુ પરીક્ષણ કરાવ્યું. ૧૯૨૬ થી ૧૯૪૮ સુધીના તેમની કારર્કીદીના સમયગાળા દરમ્યાન તેમણે ૪૦૦ થી વધુ ગોલ ફટકાર્યા.

હોકીના અદ્ભુત કૌશલ્યના ધ્યાનચંદ જાદુગર કહેવાયા, તેમને સન્માનિત કરવા ૨૦૧૨માં ખેલકૂદ દિવસ જાહેર કર્યો.

શરૂઆતના કેટલાક વર્ષો દરમ્યાન રાષ્ટ્રીય ખેલકૂદ દિવસની ઉજવણી ખૂબ ઉત્સાહ ભેર કરવામાં આવી જેમા સમગ્ર દેશમાં ઠેરે ઠેર વાકેથોન્સ અને ફૂટબોલની સ્પર્ધાઓ યોજવામાં આવી. પ્રથમ વર્ષ ભારત જારકારના યુવક કલ્યાણ મંત્રાલય દ્વારા (ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) ના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં ખેલકૂદની અનેક સ્પર્ધાઓ યોજાઈ.

આપણા દેશમાં ખૂબ ઓછા લોકોને રાષ્ટ્રીય ખેલકૂદ દિવસની જાણ છે, લોકો ખૂબ ઉત્સાહભેર વેલેન્ટાઈન્સ ડે, ફાધર્સ ડે, મધર્સ ડે, ચિલ્ડ્રન્સ ડે અને શિબલિગ્સ ડે જેવા દિવસોની ઉજવણી કરે છે. દેશના રમતવીર એવી આશા રાખીને બેઠા છે કે એક દિવસ ભારતના મહાન રમતવીરના સન્માનમાં ઉજવાતો આ દિવસ તેમની યાદમાં બહોળી પ્રસિદ્ધિ પામશે.

રાષ્ટ્રીય ખેલકૂદ દિવસના પ્રસંગે જુદી-જુદી રમતોમાં સારો દેખાવ કરવાવાળા રમતવીરોનું ભારતના રાષ્ટ્રપતિ દ્વાર ઉત્કૃષ્ટ પુરસ્કાર આપી સન્માન કરાય છે. અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ અને રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ દ્વારા દેશને ગૌરવ અપાવનાર રમતવીરો અને તેમના કોચ-માર્ગદર્શકોનું સન્માન કરવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય હોકી ક્ષેત્રે પોતાનો સિક્કો જમાવી અને અનેકવાર સફળતાની બુલંદીઓ પર દેશને પહોંચાડનાર ધ્યાનચંદનું ત્રીજી ડિસેમ્બર ૧૯૭૯માં અવસાન થયું. દેશ અને દુનિયાભરમાં હોકીના મહાનાયકની યાદમાં ભારત સરકાર દ્વારા ખેલકૂદમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારને જીવન પર્યત મેજર ધ્યાનચંદ એવોર્ડથી સન્માનીત કરવામાં આવે છે.

મિત્રો, વિદ્યાર્થી કાળથી ખૂબ અગત્યની પ્રવૃત્તિ એટલે રમત ગમત આ એક એવી પ્રવૃત્તિ છે કે જેના દ્વારા આપણામાં સહયોગ, નેતૃત્વ શક્તિ કાર્ય શક્તિ, શારીરિક તાકાત, સંયોજન અને પ્રયુક્તિઓ દેશ પ્રેમ અને સહકારની ભાવના જેવા અનેક ગુણો વિકસે છે. આ એવા સદ્ગુણો છે કે જે જીવનને સફળ બનાવવામાં મદદરૂપ થાય છે. રાષ્ટ્રીય ખેલકૂદ દિવસ એ મહાન રમતવીરને માત્ર અંજલિ જ નથી. પરંતુ જીવનમાં રમત ગમતના મહત્વને યાદ કરાવતો અગત્યનો દિવસ છે.

પિનલ ડી. સોલંકી
આસીસન્ટ પ્રોફેસર,
ગર્વમેન્ટ આર્ટ્સ કોલેજ, અમદાવાદ

શિક્ષા એ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે જેનાથી દુનિયા ને બદલી શકાય છે. **– નેલ્સન મંડેલા**



બ્રહ્માંડની સફરે

મોનુ નામનો એક છોકરો સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં રહે છે. એની પાસે જુલ્લુ નામનું એક કૂતરું છે. મોનુ જુલ્લુ સાથે એક માણસ હોય એવી રીતે જ વાતચીત કરતો હોય છે. મોનુને વાંચનનો બહુજ શોખ છે. એ શાળાના અને ગામના પુસ્તકાલયમાંથી ઘણાં બધા પુસ્તકો લાવીને વાંચતો રહે છે. ઘણું બધુ વાંચ્યા પછી એ જે કાંઇ વાંચ્યું હોય એના સપના જોવા લાગે છે.

એક દિવસ દુનિયાની વિગતો વાંચતા વાંચતા એ ઉંઘી ગયો અને એને સપનું આવ્યું કે એનું જુલ્લુ એક જીન બની ગયું છે! જુલ્લુ મોનુને બ્રહ્માંડની સફરે લઇ ગયું.

મોનુએ વાંચ્યું હતુ કે બ્રહ્માંડ એટલે અસંખ્ય ગ્રહો, તારાઓ, નક્ષત્રો, આકાશગંગાઓ અને અવકાશમાં રહેલા અનેક પદાર્થોનો સમૂહ. બ્રહ્માંડની ઉત્પત્તિ કેવી રીતે થઇ ? બીગ બેંગ નામે જાણીતા સિધ્ધાંત મુજબ એક નાના ધગધગતા ગોળામાંથી એની ઉત્પત્તિ થઇ. આ ગોળો વિસ્તાર પામતો ગયો અને ઠંડો પડતો ગયો. ચાલો, માની લીધું કે આ બીગ બેંગ પ્રમાણે બ્રહ્માંડ સર્જાયું. તો પછી એ પ્રશ્ન થાય કે બીગ બેંગ પહેલા શુ ? હજી સુધી આ રહસ્ય વણ ઉકલ્યું જ છે. બ્રહ્માંડ અનેક રહસ્યોથી ભરપુર છે.

આ બ્રહ્માંડની ઉંમર ૧૩.૭ અબજ વર્ષની માનવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે બ્રહ્માંડમાં રહેલા ગ્રહો ગોળાકાર છે. પરંતુ બ્રહ્માંડ પોતે સપાટ હોવાનું મનાય છે. બ્રહ્માંડમાં રહેલા અગણિત પદાર્થોમાંથી ફક્ત ૫% જેટલા પદાર્થો જ જોઇ શકાય છે. જે અસંખ્ય પદાર્થો જોઇ શકાતા નથી એ 'ડાર્ક પદાર્થો' (ડાર્ક મેટર) અને ડાર્ક એનર્જી તરીકે ઓળખાય છે.

બ્રહ્માંડમાં પ્રત્યેક ક્ષણે કોઇક ને કોઇક પ્રક્રિયા થતી જ રહતી હોય છે. પ્રત્યેક ક્ષણે બ્રહ્માંડમાં ક્યાંક કોઇ એક તારાનો વિસ્ફોટ થતો હોય છે.

બ્રહ્માંડમાં અબજો આકાશગંગાઓ છે. આકાશગંગાએ ગુરૂત્વાકર્ષણને લીધે એકબીજાની સાથે રહેલા વાયુ, ધૂળ અને તારાઓનો સમૂહ છે. દરેક આકાશગંગામાં અબજો તારાઓ રહેલા છે. કેટલીક આકાશગંગા લંબગોળાકાર છે. તો કેટલીક નળાકાર (ગૂંચળા વાળી) છે અને કેટલીક આડા અવળા આકારની છે.

મોનુંએ જુલ્લુને પૂછ્યું. "આટલી બધી આકાશગંગામાં આપણે ક્યાં છીએ ?"

જુલ્લુ કહે કે, 'આપણે મિલ્કી વે નામે ઓળખાતી આકાશગંગામાં છીએ. આ આકાશગંગા નળાકાર છે. એમાં આપણી સૂર્યમાળા આવેલી છે. આપણી પૃથ્વી આ આકાશગંગાને લગભગ છેવાડે જ આવેલી છે.'

આપણી સૂર્યમાળામાં આપણો સૂર્ય ૮ ગ્રહો, કેટલાક લઘુ ગ્રહો, સૂર્યની આસપાસ ફરતા અવકાશી પદાર્થો તેમજ ગ્રહોની આસપાસ ફરતા એમના ચંદ્રોનો સમાવેશ થાય છે. સૂર્યમાળાના કુલ દળનું ૯૯% દળ તો સૂર્ય જ ધરાવે છે. અને બાકીના ગ્રહો તો ફક્ત સૂર્યમાળાનું ૧% દળ જ ધરાવે છે. મોનુએ પ્રશ્ન કર્યો કે આમ કેમ ? જુલ્લુએ કહ્યું, 'સૂર્યમાળાના ૮ ગ્રહોમાંથી ફક્ત બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ ૪ ગ્રહો જ ખડકો અને ધાતુ ધરાવે છે. જ્યારે બીજા ૪ ગ્રહો ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન તો હાઇડ્રોજન અને હિલીયમ વાયુના ગોળા જ છે.' આપણે આકાશમાં તારાઓ જોઇએ છીએ. આપણો સૂર્ય પણ એક તારો જ છે. સૂર્ય અહીથી આપણને ગોળ દેખાય છે પણ એની ઉપર-નીચે સપાટ છે. જુલ્લુએ મોનુને એક રસપ્રદ વાત કહી કે સૂર્યમાળાની પાર જવાનું કોઇ વિચારી શકે ? અમેરીકાનું યાન વોયેજર-૧, ૨૦૧૨માં સૂર્યમાળાની હદ પાર કરી ગયું હોવાનું મનાય છે.

જુલ્લુ મોનુને કહે કે ચાલ, તને સૂર્યમાળાની સફરે લઇ જાઉ. મોનુ તો ખુશ ખુશ થઇ ગયો. હવે તો ભારત દેશ પણ મંગળ ઉપર પહોંચી ગયો છે. આપણું મંગળયાન મંગળની ભ્રમણકક્ષામાં ફરી રહ્યું છે. અને આપણને મંગળ વિષે માહિતી આપી રહ્યું છે. માનવને મંગળ ગ્રહમાં બહુજ રસ પડ્યો છે. ભવિષ્યમાં ત્યાં માનવ વસાહત પણ ઉભી કરવા માંગે છે. એ માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. મોનુ તો બધા કરતાં પહેલાં જ મંગળ પર જવા તૈયાર થઇ ગયો.

મંગળ પર મોનુને લાગ્યું કે એનું વજન સાવ હલકુ થઇ ગયું છે. આમ કેમ ? મંગળ પર ઓછુ ગુરૂત્વાકર્ષણ હોવાથી, પૃથ્વી પર વજન હોય એના ૩૮% જેટલું જ વજન ત્યાં હોય. જુલ્લુએ મોનુને મંગળ વિષે સરસ માહિતી આપી. મંગળ નામ રોમન લોકોના યુદ્ધના દેવ ઉપરથી પડ્યું છે. મંગળએ સૂર્યમાળાનો એક માત્ર ગ્રહ છે. જેની સપાટી આપણે પૃથ્વી પરથી જોઇ શકીએ છીએ. મંગળની સપાટી ઉપર જવાળામુખીના ખડકો, રણ, ખીણો અને એના ધ્રુવ પ્રદેશ પર બરફના પડ આવેલા છે. મંગળને રાતો ગ્રહ કેમ કહે છે ? કારણકે એ કાટ જેવી ધૂળથી છવાયેલો છે. એનું વાતાવરણ પણ સપાટી પરથી સતત ઉડ્યા કરતી ધૂળને લીધે લાલાશ ધરાવે છે. મંગળ ઉપર ધૂળની ડમરીના ઝંઝાવાત સતત ચાલતા રહે છે જેને લીધે એની સપાટી સતત બદલાતી રહે છે. મંગળ ઉપર કેટલાય જવાળામુખીના ખડકો છે. એમનો એક જવાળામુખી 'ઓલીમ્પસ મોન્સ' તો સૂર્યમાળામાં આવેલા તમામ જવાળામુખીમાં સૌથી મોટો છે. જે ૨૧ કિ.મિ. ઉંચો અને ૬૦૦ કિ.મિ ઘેરાવો ધરાવે છે. આપણી પૃથ્વી પર ઓક્સિજન વધારે છે. જ્યારે મંગળ પર કાર્બન ડાયોકસાઇડનું પાતળું આવરણ છે. મંગળ પર પણ આપણી પૃથ્વીની જેમજ ઋતુઓ બદલાતી રહે છે.

વાતાવરણ ચોખ્ખુ હોય ત્યારે પશ્ચિમ દિશામાં સૂર્યાસ્ત થઇ ગયા બાદ નાના ટમટમતા તારા જેવો બુધ દેખાય છે. મોનુ એને જોતા જોતા કહે કે મારે બુધના ગ્રહ પર જઇ એની માહિતી મેળવવી છે. જુલ્લુ તો તૈયાર જ હોય. બુધએ સૂર્યમાળામાં સૂર્યની સૌથી નજીકનો ગ્રહ છે. એની સપાટી ખડકાળ અને ખાડાવાળી છે. મોનુને પ્રશ્ન થયો કે સૂર્યની સૌથી નજીક હોવાથી ત્યાં ગરમી પણ વધારે જ હોય ને ? બુધ ઉપર દિવસે ૪૦૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન હોય છે. તો રાત પણ કેવી ગરમ હોય ? પરંતુ એવું નથી. બુધ ઉપર કોઇ બાહ્ય વાતાવરણ જ ન હોવાથી દિવસની ગરમી જાળવી શકાતી નથી અને એટલે રાતે ત્યાં ૧૮૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન થઇ જાય છે. બુધ ઉપર કોઇ વાતાવરણ ન હોય તો ત્યાં કેવી અસર હોય ? ત્યાં પવન કે હવામાન ન હોય.

ક્રમશઃ

તુષાર જે. અંજારીયા

વૈદિક ગણિત-૧૩

ડો. અતુલ વ્યાસ
શિક્ષણશાસ્ત્રી, રાજકોટ

મિત્રો,

અગાઉના અંકોમાં વૈદિક ગણિતની અવનવી પદ્ધતિઓનો આપ સર્વેએ અભ્યાસ કર્યો. મજા પડી ખરૂં ને...!!! આ અંકમાં આપણે બે અંકના ઘડિયા માટેની સરળ પદ્ધતિનો અભ્યાસ કરીશું... આ પદ્ધતિ વડે ૧૦ થી ૯૯ સુધીના તમામ ઘડિયા ખૂબજ આસાનીથી લખી શકાય. આ માટે માત્ર ૧ થી ૯ સુધીના ઘડિયાનું જ્ઞાન જરૂરી છે.

(નોંધ: આગામી અંકમાં ૧૦૦ થી ૯૯૯ સુધીના ઘડિયાની વાત કરીશું.)

બે અંકની કોઇપણ સંખ્યાના ઘડિયા માટેના સોપાનો.

- જે બે અંકની સંખ્યાનો ઘડિયો લખવો હોય તેના બંને અંક અલગ-અલગ લખી તેનો ઘડિયો લખો.
- હવે એકમમાં રહેલા અંકના ઘડિયામાંથી એકમની સંખ્યાને પરિણામના એકમ તરીકે ગણવી.
- હવે દશકના અંકમાં રહેલા ઘડિયામાં એકમની સંખ્યાનો દશકનો અંક ઉમેરી પરિણામમાં દશકના સ્થાને દર્શાવો.

ઉ.દા. — ૪૩નો ઘડિયો લખો.

		દશકના સ્થાને	એકમના સ્થાને		
૪	૦૩	૪ + ૦ =	૪	૩	૪૩
૮	૦૬	૮ + ૦ =	૮	૬	૮૬
૧૨	૦૯	૧૨ + ૦ =	૧૨	૯	૧૨૯
૧૬	૧૨	૧૬ + ૧ =	૧૭	૨	૧૭૨
૨૦	૧૫	૨૦ + ૧ =	૨૧	૫	૨૧૫
૨૪	૧૮	૨૪ + ૧ =	૨૫	૮	૨૫૮
૨૮	૨૧	૨૮ + ૨ =	૩૦	૧	૩૦૧
૩૨	૨૪	૩૨ + ૨ =	૩૪	૪	૩૪૪
૩૬	૨૭	૩૬ + ૨ =	૩૮	૭	૩૮૭
૪૦	૩૦	૪૦ + ૩ =	૪૩	૦	૪૩૦

હજુ વધુ એક ઉદાહરણ જોઇએ... ખરૂં ને ?

ઉ.દા. — ૬૪નો ઘડિયો લખો.

		દશકના સ્થાને	એકમના સ્થાને		
૬	૦૪	૬ + ૦ =	૬	૪	૬૪
૧૨	૦૮	૧૨ + ૦ =	૧૨	૮	૧૨૮
૧૮	૧૨	૧૮ + ૧ =	૧૯	૨	૧૯૨
૨૪	૧૬	૨૪ + ૧ =	૨૫	૬	૨૫૬
૩૦	૨૦	૩૦ + ૨ =	૩૨	૦	૩૨૦
૩૬	૨૪	૩૬ + ૨ =	૩૮	૪	૩૮૪
૪૨	૨૮	૪૨ + ૨ =	૪૪	૮	૪૪૮
૪૮	૩૨	૪૮ + ૩ =	૫૧	૨	૫૧૨
૫૪	૩૬	૫૪ + ૩ =	૫૭	૬	૫૭૬
૬૦	૪૦	૬૦ + ૪ =	૬૪	૦	૬૪૦

અને અંતે..

ઉ.દા. —૯૮નો ઘડિયો લખો.

		દશકના સ્થાને	એકમના સ્થાને		
૯	૦૮	૯ + ૦ =	૯	૮	૯૮
૧૮	૧૬	૧૮ + ૧ =	૧૯	૬	૧૯૬
૨૭	૨૪	૨૭ + ૨ =	૨૯	૪	૨૯૪
૩૬	૩૨	૩૬ + ૧ =	૩૯	૨	૩૯૨
૪૫	૪૦	૪૫ + ૪ =	૪૯	૦	૪૯૦
૫૪	૪૮	૫૪ + ૪ =	૫૮	૮	૫૮૮
૬૩	૫૬	૬૩ + ૫ =	૬૮	૬	૬૮૬
૭૨	૬૪	૭૨ + ૬ =	૭૮	૪	૭૮૪
૮૧	૭૨	૮૧ + ૭ =	૮૮	૨	૮૮૨
૯૦	૮૦	૯૦ + ૮ =	૯૮	૦	૯૮૦

માટી ના બંધનથી મુક્તિ એ વૃક્ષ માટે આઝાદી નથી. — **રવિન્દ્રનાથ ટૈગોર**

રંગીન ડક્ટ ટેપ (સેલોટેપ) નું બુકમાર્ક




સામગ્રી

કાતર, રંગીન મોટી ડક્ટ ટેપ
બે જાડા પૂંઠાના એક સરખા ચોરસ ટુકડા

બનાવવાની રીત:

પૂંઠાના એક ટુકડાને મોટી રંગીન ડક્ટ ટેપથી એક ખૂણાને કવર કરી લો. વધારાની ડક્ટ ટેપને કાતરની મદદથી કાપી લો.

બીજી બાજુના ખૂણાને પણ તેજ રીતે ડક્ટ ટેપથી કવર કરી લો. બીજા પૂંઠાના ટુકડાને વચ્ચેથી બરાબર અડધુ ત્રિકોણના રૂપમાં કાપી લો. ડક્ટ ટેપની થોડી મોટી કાપો. ત્યારબાદ એ ત્રિકોણ ટુકડાને તેના પર વચ્ચે મૂકો. ત્યારબાદ જે આખો બીજો ટુકડો છે. તેના પર બરાબર રીતે લગાવો અને વધારાની ડક્ટ ટેપને પણ એ ટુકડા સાથે લગાવી દો. ત્યારબાદ વચ્ચે ગેપ પડે તેવું બુકમાર્ક તૈયાર થઇ જશે. તે તમારી બુકમાં તમે ગમે ત્યાં તેનો ઉપયોગ કરી શકો છો.



યોગ-૧૪ પદ્દમાસન

આ આસનમાં પગનો આકાર કમળના દળ જેવો લાગતો હોવાથી આને પદ્માસન કે કમલાસન કહેવામાં આવે છે. દેખાવે સરળ લાગતા પદ્માસનને યોગમાર્ગમાં અત્યંત મહત્વનું આસન ગણવામાં આવ્યું છે. પદ્માસનમાં બેસી યોગીઓ પ્રાણાયામ, બંધ, મુદ્રા તથા કેટલાક આસનોનો અભ્યાસ કરે છે.

આસનની રીત:

- સૌ પ્રથમ પગને સીધા લંબાવીને બંને પગ ભેંગા રાખી બેસો.
- પછી જમણા પગને ઢીંચણથી વાળી ડાબા હાથથી જમણા પગનો પંજો પકડી એને ડાબી જાંઘ પર એવી રીતે મૂકો કે પગની એડી પેઢુના ડાબી બાજુના સ્નાયુઓને બરાબર અડે કે દબાવે.
- એવી જ રીતે ડાબા પગને ઢીંચણથી વાળી જમણા હાથની મદદથી પગના પંજાને પકડી જમણી જાંઘ પર એવી રીતે મૂકો કે એડીથી પેઢુના જમણી બાજુના સ્નાયુઓ દબાય. આમ બંને પગ ગોઠવાય ત્યારે બંને પગની એડીઓ એકમેકની પાસે આવી રહેશે.
- બંને પગને ગોઠવ્યા પછી નાભિથી નીચે બંને એડીઓ ઉપર અનુક્રમે ડાબા અને જમણા હાથના પંજાને ચત્તા મૂકો. (લોપામુદ્રા) અથવા તર્જનીના (પહેલી આંગળી) છેડાને અંગૂઠાના મૂળમાં લગાવી બંને પંજાને તે બાજુના ઢીંચણ પર ચત્તા મૂકો. (જ્ઞાનમૂદ્રા)
- પદ્માસન કરતી વખતે મૂળબંધ (ગુંદાનું આંકુચન) બંધ કરી શકાય. પદ્માસનમાં સ્થિતિ થાય ત્યારે ઢીંચણ જમીનને અડકેલા હોવા જોઈએ. સાથે સાથે શીર્ષ, કરોડરજ્જુ અને કમરનો ભાગ ટટ્ટાર હોવો જોઈએ.

આસનના ફાયદા:

- આ આસનમાં પગના સ્નાયુઓ સંકોચાઈને દબાય છે. જેથી પગની અને ઉરૂની નાડીઓ શુદ્ધ થઈ બળવાન બને છે. એથી અક્કડ થયેલા ઢીંચણો આરોગ્યવાન બને છે.
- પદ્માસન કરવાથી હૃદયમાંથી પેટ તરફ શુદ્ધ લોહી વહન કરતી રક્તવાહિનીઓ દ્વારા પેઢુના ભાગને વધુ લોહી મળે છે. એથી એ પ્રદેશના અવયવો, કરોડના જ્ઞાનતંતુઓ તથા પ્રજનન ગ્રંથિઓને પોષણ મળે છે. મનોબળ વધે છે, ચંચળતા દૂર થાય છે, સ્થિરતાની પ્રાપ્તિ થાય છે તથા બ્રહ્મચર્યના પાલનમાં મદદ મળે છે. વ્યસનોથી દૂર રહેવાનું મનોબળ મળે છે.





ચિત્રકલા



કૌશિક સાલા
કેન્દ્રીય વિદ્યાલય, અમદાવાદ

કનીશા શાહ
ત્રિપદા ડે સ્કૂલ, અમદાવાદ

ખજૂર – કેળા સ્મૂધી

સામગ્રી

- ૧૦ ખજૂર (બીયા કાઢેલા)
- ૧ – કેળું
- ૨-૩ સ્પૂન ઓટ
- ૨- અંજીર
- ૧૦-૧૨ કાજુ
- ૧-ચમચી ખાંડ
- ૧-૧/૨ કપ દૂધ

રીત :

- મિક્ષરના જારમાં ઉપરની બધી જ વસ્તુઓ મિક્સ કરી લો. ઓટને તમે ના નાખવા ઇચ્છતા હોય તો તેનો ઉપયોગ ના કરશો.
- એક સરખું ક્રશ કરી લો. અને ગ્લાસમાં કાઢી લો.
- ઉનાળામાં તેના પર તમે આઇસ્ક્રિમ પણ ઉમેરી શકો છો.
- ખૂબજ સ્વાદિષ્ટ સ્મૂધી બનશે.

જો જો પાછા હસતા નહી

ફિલ્મમાં મારો રોલ

એક્ટર: ડિરેક્ટર સાહેબ આ ફિલ્મમાં મારો રોલ એક ગાંડાનો છે. તેમાં સારામાં સારી એક્ટીંગ કરવા મારે શું કરવું ?

ડિરેક્ટર: કંઇ નહી, તે માટે તારે કંઇ કરવાની જરૂર નથી. તું બીલકુલ એવો જ છે જેવો તને રોલ મળ્યો છે.



બ્લડગૃપ એક જ

ડોક્ટર: તમારી પત્નિનું અને તમારૂં બ્લડગૃપ એક જ છે..!

પતિ: ૧૫ વર્ષથી મારૂં લોહી પી રહી છે તો એક જ હોય ને સર..

વિદ્યાર્થીને પ્રશ્ન

ટીચર: કલાસમાં વિદ્યાર્થીને પ્રશ્ન કરી રહ્યા હતા.ઓક્સફોર્ડનો અર્થ શો થાય ?

એક વિદ્યાર્થી અચાનક ઉભો થયો અને કહેવા લાગ્યો, મેડમ આ તો ખૂબ જ સરળ પ્રશ્ન છે. ઓક્સ એટલે બળદ ફોર્ડ એટલે ગાડી..!

વાત વચમાંથી કાપે

રમેશ: અમારા લગનને દોઢ વર્ષ થઇ ગયાં. પરંતુ અત્યાર સુધી મેં મારી પત્નિને એક પણ શબ્દ કહ્યો નથી.

મદન: બહુ સારુ, પણ એવું કેમ ?

રમેશ: તેને પસંદ નથી કે જ્યારે તે બોલતી હોય ત્યારે કોઇ તેની વાત વચમાંથી કાપી નાખે.

કોઈ પણ વ્યક્તિ તેના કર્મોથી મહાન હોય છે. જન્મથી નહીં. **—ચાણક્ય**

રક્ષાબંધન

ભાઇ બહેનનો અખૂટ-અતૂટ અને નિસ્વાર્થ પ્રેમ જો આપણને જોવા મળતો હોય તો એ છે રક્ષાબંધનનો દિવસ. આમ તો ભાઇ-બહેનના પ્રેમને દર્શાવતો આ તહેવાર શ્રાવણ માસમાં પૂનમના દિવસે આવે છે. ભાઇ-બહેનનો સંબંધ જ એવો છે કે તેમાં બન્નેનો પ્રેમ બન્ને પ્રત્યે ખૂબજ નિસ્વાર્થ હોય છે. આજના જમાનામાં છોકરીઓ પહેલાના જમાના કરતા પોતાનું રક્ષણ કરી શકે તેમ છે છતાં પણ પોતાની રક્ષાની જવાબદારી માટે બહેનને ભાઇ પર બધા કરતા વધારે વિશ્વાસ હોય છે. રાખડી ભાઇના કાંડે બાંધી બહેન મનથી એવું વિચારે છે કે મારુ દરેક પ્રકારનું રક્ષણ મારો ભાઇ જરૂર કરશે. આ વિશ્વાસનું નામ એટલે જ રક્ષાબંધન.. બહેન રાખડી બાંધતા બાંધતા પોતાના ભાઇ માટે તેનું બધી જ રીતે કલ્યાણ થાય તેવી પ્રાર્થના મનોમન કરતી હોય છે. આજ દર્શાવે છે કે તેમનો પ્રેમ કેટલો પવિત્ર હોય છે. પણ તેમની વચ્ચે લોહીની સગાઇ હોય કે ધર્મના ભાઇ-બહેન હોય.

રક્ષાબંધનને બળેવ તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે બ્રાહ્મણો જનોઇ બદલે છે. માછીમારો દરિયામાં નાળિયેર પધરાવી પૂજા કરે છે. તેથી તેને નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

રક્ષાબંધનની દંત કથાઃ બલિ રાજાએ ખૂબજ તપસ્યા કર્યા બાદ ભગવાન શ્રી વિષ્ણુ પાસે વરદાન માંગતા જણાવ્યું કે ભગવાન વિષ્ણુ પણ તેમની સાથે પાતાળમાં રહે. ભગવાન વિષ્ણુ વરદાન પ્રમાણે બલિરાજા સાથે પાતાળમાં રહેવા લાગ્યા. પરંતુ લક્ષ્મીજી વૈકુંઠમાં એકલા પડી જતાં તેમણે નારદજીએ બતાવેલો ઉપાય અજમાવ્યો. લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધી છે અને વિષ્ણુ ભગવાનને પાછા વૈકુંઠ લઇ આવે છે. રાખડી બાંધી લક્ષ્મીજી બલિરાજા પાસેથી ભેટ સ્વરૂપે વિષ્ણુ ભગવાનને ફરી વૈકુંઠમાં રહે તેવી માંગણી કરે છે. બહેનની આ માંગણી બલિરાજા એ માન્ય રાખી. બસ ત્યારથી જ આ પર્વ આ રીતે પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે.

ફક્ત ઘર પૂરતો જ નથી રહેલો આ તહેવાર. ઘણી બહેનો સરહદ પર પણ જે આપણા જવાનો આપણી રક્ષા કરે છે તેમને પણ રાખડી બાંધી સન્માન આપે છે. આમ, ખૂબજ અનોખો પ્રેમ દર્શાવે છે રક્ષાબંધન.

જન્માષ્ટમી

જન્માષ્ટમી શ્રી કૃષ્ણનો હેપી બર્થ ડે. આપણે જેમ આપણો જન્મ દિવસ ઉજવીએ છીએ તેમ ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ દિવસ એટલે જન્માષ્ટમી. શ્રાવણ વદ આઠમના દિવસે જન્માષ્ટમી ઉજવાય છે.

વસુદેવજી અને દેવકીજીને ત્યાં જન્મ લીધો અને નંદરાજા અને યશોદાજીએ તેમને ઉછેર્યા. પ્રભુ શ્રી કૃષ્ણના જન્મની કથા આપણે સૌ જાણીએ છીએ. વસુદેવજી અને દેવકીજીનો આઠમો પુત્ર કંસનો નાશ કરશે એવી ભવિષ્યવાણી થઇ હતી. આ ભવિષ્યવાણી ને ધ્યાનમાં રાખી કંસે વસુદેવજી અને દેવકીજીને કારાવાસમાં પુરી દીધા. તેમ છતાં શ્રી કૃષ્ણએ શ્રવણ વદ આઠમની મધ્યરાત્રીએ જન્મ લીધો. અને વસુદેવજી તેમને નંદરામના ઘરે મુકી આવ્યા અને તેમનો ઉછેર યશોદાજીએ કર્યો. મોટા થયા બાદ શ્રી કૃષ્ણએ મામા કંસનો વધ કરી માતા પિતાને કારાવાસમાંથી મુક્ત કર્યા. શ્રી કૃષ્ણનું સંપૂર્ણ જીવન તેમની લીલાઓથી ભરેલું છે, તેમાં શ્રીમદ્ ભાગવત ગીતા આપણાં માટે અને આપણા જીવન માટે ખૂબ મહત્વો ભાગ ભજવે છે.

ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ ગોકુળ, મથુરા, દ્વારકા અને ડાકોરમાં ખૂબ ભવ્ય રીતે ઉજવાય છે. તેની સાથે સાથે શ્રી કૃષ્ણના દરેક મંદિરમાં તેમનો જન્મ દિવસ ઉજવવામાં આવે છે. દરેક મંદિરને શણગારવામાં આવે છે. લાલા માટે હિંચકો બનાવવામાં આવે છે. આ હિંચકાને પછી સુંદર રીતે શણગારવામાં આવે છે. આખો દિવસ ભક્તો ઉપવાસ રાખે છે. ભજન મંડળી દ્વારા આખો દિવસ ભજન કરવામાં આવે છે. રાત્રે બાર વાગ્યા સુધી ભજન ચાલે છે. અને બાર વાગતાની સાથે જ મંદિરો આરતી અને ઘંટના નાદથી ગુંજી ઉઠે છે. મંદિરમાં ગુલાલ ઉડાડવામાં આવે છે. 'નંદ ઘેર આનંદ ભર્યો'ના નાદ આખા મંદિરમાં ગુંજી ઉઠે છે. પંચામૃત, માખણ અને પંજરીનો પ્રસાદ કરવામાં આવે છે. નવા જમાના પ્રમાણે હવે કેક પણ રાખવામાં આવે છે. પ્રસાદમાં આઇસ્ક્રિમ અને ચોકલેટ પણ વહેંચવામાં આવે છે. આમ, પુરેપુરા ઉત્સાહથી, ભક્તિ ભાવથી લાલજીનો જન્મ દિવસ ઉજવવામાં આવે છે. બીજા દિવસે પારણા રાખવામાં આવે છે. એટલે કે જેમણે જન્માષ્ટમીનો ઉપવાસ કર્યો હોય તે લોકો નોમના દિવસે એ ઉપવાસ તોડે છે. નોમના દિવસે મટકી તોડવાની હરિફાઇ રાખવામાં આવે છે. જેમ ભગવાન માખણ અને દહીં મટકીમાંથી ખાતા એ રીતે એક મટકીમાં માખણ અને દહીં ભરીને ગલીમાં ઉંચાઇ પર બાંધવામાં આવે છે. અને યુવાનો પોત પોતાના જૂથ બનાવીને તેને તોડવાનાં પ્રયત્નો કરે છે. એટલે આ દિવસને મટકીફોડ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જ્યોતિ પરમાર
'ધી ઓપન પેજ'

પતેતી

પતેતી એ પારસીઓનો પર્વ છે. પારસીઓનું નામ સાંભળતા જ તેમનો એક કિસ્સો યાદ આવી જાય છે. પારસીઓ જ્યારે ભારતમાં દિવ બંદરે ઉતર્યા અને ત્યાં ૧૯ વર્ષ એજ બંદર પર વિતાવ્યાં. પોર્ટુગીઝોના હુમલાથી કંટાળેલા પારસી ગુજરાતના સંજાણ બંદરે આવી પહોંચ્યા.

એ સમયે ગુજરાતમાં જાદી રાણા નામના રાજાનું રાજ ચાલતું હતું. પારસીઓએ જાદી રાણા પાસે વસવાટ માટે માંગણી કરી. આ માંગણીને ધ્યાનમાં રાખતા જાદી રાણાએ તેમને દૂધથી છલોછલ ભરેલો પ્યાલો મોકલી આપ્યો, આ પરથી તો એમ કહેવા માંગતા હતા કે અહી જ ખૂબ વસ્તી છે ત્યાં આમા તમારો સમાવેશ કેવી રીતે થશે? પારસી પ્રજાએ તેમના જવાબમાં એ પ્યાલામાં દૂધમાં ધીમે ધીમે સાકર ઓગાળી એ પ્યાલો તેમને પાછો મોકલી આપ્યો.

આ પ્યાલો જોઇને જાદી રાણા સમજી ગયા. તેમણે દૂધ ચાખ્યું તો તે મીઠું હતું. દૂધ પ્યાલાની બહાર ઢોળાયું પણ નહી અને સાકર તેમાં ઓગળી ગઇ અને દૂધમાં મીઠાશ ભળી ગઇ. ચતુર રાણાએ તેમને રાજ્યમાં વસવાટ કરવાની છૂટ આપી. આ રીતે હજી પણ પારસીઓ સાકરની જેમ ભળી જઇને રહે છે.

પતેતી પારસીઓના વર્ષનો છેલ્લો દિવસ છે. પતેતીનો અર્થ થાય છે. પાશ્વાતાપ કરવો. આ દિવસે આખા વર્ષ દરમિયાન થયેલી ભૂલોનું તેઓ પાશ્વાતાપ કરે છે. અને મનને પવિત્ર અને શુદ્ધ કરે છે. જેમ બેસતા વર્ષના દિવસે આપણે નૂતન વર્ષા અભિનંદન કહીએ છીએ તે પ્રમાણે પતેતીનો બીજો દિવસ તેમનું નવું વર્ષ એટલે નવરોજ. પારસીઓ આ દિવસે નવા વસ્ત્રો પહેરે છે. એકબીજાને નૂતન વર્ષ નવરોજ મુબારક કહે છે. પારસીઓ અગિયારીમાં જાય છે. ત્યાં સુખડનાં લાકડાંનું અર્પણ કરે છે. અને નવા વર્ષની શુભેચ્છાઓ અને પ્રાર્થના કરે છે. એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પણ પાઠવે છે આમ પોતાનો સમગ્ર દિવસ ખુશીથી પસાર કરે છે. અને નવા વર્ષની ઉજવણી કરે છે.

ગણેશ ચતુર્થી

માતા પાર્વતીએ ગણેશજીનું સર્જન કર્યું. ગુફામાં કોઇને પણ પ્રવેશ કરવા દેવો નહી. આ આજ્ઞાનું પાલન કરતા ગણેશ ગુફાના દ્વારપાળ બન્યા. આ બધી વાતથી અજાણ શિવજી માતા પાર્વતીને મળવા આવ્યા. ગણેશજીએ તેમને ગુફામાં પ્રવેશ ન કરવા દીધો. આ વાતથી ક્રોધે ભરાયેલા શિવજીએ ગણેશજીનું શિશ ધડથી અલગ કરી દીધું.

માતા પાર્વતીને આ ઘટનાની જાણ થતા તેઓ ત્યાં ઉપસ્થિત થયા અને ગણેશજીને જોઇ વિલાપ કરવા લાગ્યા. તેમણે જીદ કરી કે ગણેશને જીવીત કરો. પ્રકૃતિના નિયમથી વિરૂદ્ધ આ કાર્ય કરવું અશક્ય હતું. તેમ છતાં શિવજીએ ગણોને કહ્યુ કે જે તમને માર્ગમાં પહેલા મળે તેનું શિશ લઇ આવો. શિવગણોને માર્ગમાં હાથી મળ્યો અને શિવગણ તેમનું શિશ લઇ આવ્યા. હાથીનું શિશ ગણેશજીના ધડ પર લગાવવામાં આવ્યું અને તેમને પૂર્ન જીવન દાન મળ્યું.

આ સંપૂર્ણ ઘટના થઇ તે દિવસ હતો ભાદરવા સુદ ચોથનો. આથી આ દિવસે ગણેશજીનો જન્મ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસને ગણેશ ચતુર્થી અથવા તો ગણેશ ચોથ કહેવામાં આવે છે. ગણેશ ચોથથી અનંત ચતુર્થી એમ દસ દિવસ ગણેશ મહોત્સવ ઉજવવામાં આવે છે.

પહેલા તો ફક્ત મહારાષ્ટ્રમાં અને પૂનામાં જ ગણેશ મહોત્સવની ધૂમધામ જોઇ શકાતી હતી. પરંતુ હવે તો દરેક શહેરમાં ગણેશ મહોત્સવ ખૂબજ ધૂમધામથી ઉજવવામાં આવે છે. ગણેશજીના આગમનથી લઇને વિસર્જન સુધી લોકો ભારે ઉલ્લાસ સાથે આ તહેવારની ઉજવણી કરે છે.

હવે તો ઘરે ઘરે ગણેશજી જોવા મળે છે. ઘરને સુંદર રીતે શણગારવામાં આવે છે. મોદક, બુંદીના લાડુ અને ચુરમાના લાડુ બનાવવામાં આવે છે. દસ દિવસ ઘરમાં અલગ જ માહોલ બની જાય છે. સવાર સાંજ આરતી કરી પ્રસાદ વહેંચવામાં આવે છે. જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અને અનંત ચૌદશના દિવસે બાપ્પાનું પૂરા ભક્તિભાવથી વિસર્જન કરવામાં આવે છે. બાપ્પા પ્રત્યે ખૂબજ ભાવ હોવાથી ભક્તો તેના વિસર્જન સમયે તેમને કહે છે. 'ગણપતિ બાપા મોરિયા ઉર્ચા વરર્સી લોઉકરીયા' જેનો અર્થ થાય છે કે આવતા વર્ષે જલદીથી પધારજો. આ રીતે સંપૂર્ણ ભક્તિભાવ અને ઉલ્લાસથી ગણેશ ચતુર્થી ઉજવવામાં આવે છે.

તરણેતરનો મેળો

સૌરાષ્ટ્રમાં આવેલું તરણેતર ગામ તેના મેળા માટે વિશ્વ વિખ્યાત છે. તરણેતર ગામમાં આવેલા ત્રણ દેવોમાંના એક દેવ શિવજીના વિખ્યાત મંદિર ત્રિનેત્રેશ્વર મહાદેવ ખાતે તરણેતરનો મેળો યોજવામાં આવે છે. આ મેળો ઋષિ પંચમીના દિવસે ભરાય છે. તરણેતરના મેળામાં સૌરાષ્ટ્રની સંસ્કૃતિના સંપૂર્ણ દર્શન આ મેળામાં થાય છે. ખાસ કરીને આ મેળામાં લોકગીત, દુહા અને લોક નૃત્યો નજરે પડે છે. ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરની સમીપે જળાશય છે. અને ત્રણ કુંડ આવેલા છે. પાંચાળ પ્રદેશની પ્રજા તરણેતરને ગંગા અને હરિદ્વાર સમાન માને છે. તે જ પ્રમાણે પોતાના મૃત સ્વજનોના અસ્થિ કુંડમાં વિસર્જીત કરી ત્યાં સ્નાન કરીને ગંગા નદીમાં નાહ્યા જટલું પૂણ્ય માને છે. ઋષિ પંચમીના દિવસે ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર પર બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે. આખી રાત સામ સામે બોલવામાં આવતાં દુહા, ભજન, હુડા અને હાજા રાસ આ મેળાની મુખ્ય વિશેષતાઓ છે.

પુરાણો પ્રમાણે જોઇએ તો અયોધ્યાના સૂર્યવંશી રાજા યુવનાશ્વએ સંતાન પ્રાપ્તિ માટે વશિષ્ઠ ગુરૂની સુચના પ્રમાણે યજ્ઞ કર્યો અને તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. તે પુત્ર હતા મંધાતા. આ મંદિર તેમણે બંધાવ્યાની લોક વાયકા છે. બીજા પ્રસંગ પ્રમાણે ત્યાં આવેલા કુંડ પર અર્જુન દ્વારા મત્સવેદ થયો હતો. તે પ્રમાણે દ્રોપદીના લગ્નના પ્રસંગની વાત જોડાયેલી છે.

હેમુ ગઢવી અને નારાયણ સ્વામી જેવા મોટા કલાકારો આ મેળાએ સમાજને આપ્યા છે. પશુ પ્રદર્શન અને અન્ય પશુ કાર્યક્રમો આ મેળામાં યોજવામાં આવે છે. તરણેતર ગામની આસપાસના ગ્રામ્યજનોની સાથે સાથે વિદેશી પર્યટકો પણ આ મેળામાં ખૂબ મોટી સંખ્યામાં જોવા મળે છે.

હીપેટાઇટીસ એ

હીપેટાઇટીસ એ' યકૃત (લીવર) ને લગતો ચેપી રોગ છે.

આ રોગ 'કમળો' તરીકે પણ ઓળખાય છે.

કારણઃ

'હીપેટાઇટીસ એ વાયરસ'

ફેલાવોઃ 'હીપેટાઇટીસ એ' રોગનો ફેલાવો, દુષિત ખોરાક કે દુષિત પાણી દ્વારા થાય છે.

'હીપેટાઇટીસ એ' રોગ ગ્રસ્ત વ્યક્તિના નજીક સંસર્ગ દ્વારા પણ આ રોગનો ફેલાવો થાય છે.

અસ્વચ્છ જગ્યાઓ તથા ગંદકી હોય અને જ્યાં બાથરૂમ, સંડાસની સગવડ ન હોય તેવી જગ્યાઓ પર આ રોગનો ફેલાવો સહેલાઇથી થાય છે.

ચિન્હો અને લક્ષણોઃ

- ઘણા દર્દીઓમાં કોઇપણ લક્ષણો ન હોવાની કે ખૂબજ ઓછા લક્ષણો હોવાની શક્યતાઓ રહેલી છે.
- ૯૦% બાળકોમાં સામાન્યતઃ લક્ષણો ખૂબજ ઓછા જોવા મળે છે.
- 'કમળા (હીપેટાઇટીસ એ)' ના લક્ષણોની શરૂઆત કમળાનો ચેપ લાગ્યા બાદ ૨ થી ૬ અઠવાડિયામાં અને સરેરાશ ૨૮ થી ૩૦ દિવસમાં થાય છે.
- ત્યારબાદ લગભગ બે મહિના સુધી 'કમળા'ના લક્ષણોની અસર રહે છે. જો કે ક્યારેક આની અસર ૫ થી ૬ મહિના સુધી પણ રહેતી હોય છે.
- આ લક્ષણોમાં થાક લાગવો, સામાન્યથી વધારે તાવ રહેવો, ઉબકા આવવા, પેટમાં દુઃખાવો થવો, ઉલટીઓ થવી, ઝાડા થવા, પેટમાં ભાર લાગવો, ભૂખ ન લાગવી, ચામડી પીળાશ પડતી થવી, પીળા રંગનો પેશાબ થવો, વગેરે.

નિદાનઃ

'કમળા'ના રોગનું નિદાન કરવા માટે લોહી અને પેશાબની લેબોરેટરી તપાસ કરાવવી પડે છે. તથા આ રોગની તીવ્રતા અને પ્રમાણ જાણવા માટે લોહીની લેબોરેટરી તપાસ વખતો વખત કરાવવી પડે છે.

સારવારઃ

'કમળા (હીપેટાઇટીસ એ)' ના રોગની કોઇ ચોક્કસ સારવાર નથી. પરંતુ, આ રોગમાં તેના લક્ષણો જેવા કે ઉબકા, ઉલટીઓ, ઝાડા, પેટમાં દુઃખાવો વગેરેની જરૂરીયાત મુજબની સારવાર આપવામાં આવે છે. જો આ રોગની તીવ્રતા વધે તો દર્દીને હોસ્પિટલમાં દાખલ પણ કરવા પડે છે. આ રોગમાં દર્દીને સંપૂર્ણ આરામ કરવો ખૂબજ જરૂરી અને હિતાવહ છે.

આ રોગના લક્ષણોમાંથી ધીમે ધીમે રાહત મળે છે તથા તેમાંથી સંપૂર્ણ રાહત મળતા અંદાજે ૪ થી ૬ અઠવાડિયાનો સમય લાગે છે.

અટકાવઃ

'કમળા'ના રોગને અટકાવવા માટે સ્વચ્છતા રાખવી ખૂબજ જરૂરી છે. બંને હાથ સાબુથી અને પૂરતા ચોખ્ખા પાણી વડે સરખી રીતે વખતો વખત ધોવા જોઇએ. શાકભાજી અને ફળોને યોગ્ય અને સારી રીતે તથા ચોખ્ખા પૂરતા પાણી વડે ધોઇને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા જોઇએ.

'કમળા'ના રોગથી કાયમી બચવા માટેનો સૌથી સહેલો અને ઉત્તમ રસ્તો કમળાની રસીના ૨ ડોઝ લેવા એ છે. 'કમળા'ના રોગ સામે રક્ષણ આપવા માટે કમળાની રસી ખૂબજ અસરકારક છે.

'કમળાની રસી' ના બે ડોઝ લેવાથી કમળાના રોગ સામે ઘણાં વર્ષો સુધી રક્ષણ મળે છે.

'કમળાની રસી' લેવાથી કમળાના રોગ સામે લડવાની રોગ પ્રતિકારક શક્તિ વધુ મજબુત થાય છે.

'કમળાની રસી' ૯૫% લોકોમાં લગભગ ૨૫ થી ૩૦ વર્ષ સુધી 'કમળાના વાયરસ' સામે રક્ષણ આપે છે. 'કમળાની રસી'નો પ્રથમ ડોઝ લીધા બાદ બીજો ડોઝ ૬ થી ૧૨ મહિનામાં લેવાનો હોય છે.

'વર્લ્ડ હિપેટાઇટીસ ડે' ૨૮ જુલાઇના દિવસે હોય છે.

આ ચોમાસાની ઋતુમાં 'સ્વસ્થ રહો, તંદુરસ્ત રહો'

'પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર'

ડો. પ્રશાંત શાહ
ફેમીલી ફિઝીશીયન

ફોટોગ્રાફી

ફોટોગ્રાફી 'વિજ્ઞાન' છે કે 'કલા' તે વિશે ઘણી ચર્ચાઓ ચાલે છે. એક વાત ચોક્કસ છે કે કલાના તત્વ વગર ફોટોગ્રાફ પાડી શકાય, પરંતુ વિજ્ઞાનના તત્વ વગર ફોટોગ્રાફ પાડવો અશક્ય છે.

વિજ્ઞાન એટલે પદાર્થોનાં લક્ષણો અંગેનું વિશેષ જ્ઞાન, રસોઇ, સુથારીકામ, વણાટકામ, માટીકામ, ચિત્રકામ કે ફોટોગ્રાફી કરવા માટે તેમાં વપરાતાં પદાર્થો અને સાધનોનાં લક્ષણોની જાણકારી વગર કામ થઇ શકે નહીં. રસોઇ કરવા માટે મીઠા અને ખાંડ વચ્ચે તથા તાવેથા અને ઝારા વચ્ચેના તફાવતની સમજણ હોવી જરૂરી છે.

શરૂઆતમાં પાડેલા ફોટાઓ આપણી ધારણા પ્રમાણેના આવતા નથી તેનું કારણ એ છે કે આપણી અને કેમેરાની જોવાની રીતમાં ફેર છે. ફોટા પાડતી વખતે કેમેરાની રીતે કેવી રીતે જોવું અને ધાર્યુ પરિણામ મેળવવા માટે અંક, શટર, સ્પીડ, ફોક્સ લેન્સ અને ફોકસીંગ મેકનિઝમ જેવા કેમેરાના નિયંત્રકોને કેવી રીતે વાપરવા એની સમજ હોવી જરૂરી છે. શરૂઆતમાં કદાચ કેમેરા નિયંત્રકો ગૂંચવણ ભર્યાં લાગશે પરંતુ જેમ જેમ કેમેરા વાપરતો જશે તેમ તેમ ગૂંચવણો દૂર થતી જશે અને નિયંત્રકો પાસેથી ધાર્યું કામ લેવા માટેની તેમની ગૂંજાઇશનો ખ્યાલ આવશે. તેમના અભ્યાસના પરિણામે નિષ્ફળતાનું પ્રમાણ ઘટતું જાય છે તેથી પોતાની કલાને વધારે ઓપ આપવા સજાગ રહે.

પદાર્થના લક્ષણો અંગેની ટેકનિકલ માહિતી આપી કે લઇ શકાય, પરંતુ 'કાચ' એ પદાર્થ નહી પણ ભાવ છે ઉર્મિ છે, સંવેદના છે. આછી લાગણીઓ અંદરથી આવતી હોઇને એ નથી શિખવાડી શકાતી કે નથી શીખી શકાતી "કલાકારો જન્મે છે, બનાવી શકાતા નથી" વ્યાકરણ અને કવિતા વચ્ચે જે ભેદ છે તેવો જ ભેદ ટેકનિક અને કલા વચ્ચે છે.



ફોટોગ્રાફીના અત્યંત રસપ્રદ અને જ્ઞાનપ્રદ શોખમાં પગલી પાડતા આગંતુકોને માર્ગદર્શન મળે તે હેતુથી ફોટોગ્રાફીમાં ટેકનિકલ માહિતી ઉપર ભાર મૂક્યો છે.

'ફોટોસ' એટલે પ્રકાશ અને 'ગ્રાફોસ' એટલે ચિત્રાંકન, ગ્રીક ભાષાના આ બે શબ્દોનો ઉપયોગ કરીને અંગ્રેજી ભાષામાં 'ફોટોગ્રાફી' શબ્દનો મૂળ અર્થ થાય છે, 'પ્રકાશની મદદથી કરેલું ચિત્રાંકન એટલે પ્રકાશ ચિત્રાંકન'

ફોટો ક્લીક કરતાં પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો

૧. પ્રતિબિંબ બને તેટલું મોટું મેળવો.
૨. વ્યક્તિનો ફોટો પાડો ત્યારે શક્ય હોય તો ક્ષેત્રફળ – ઉંડાણ ૩૦ સે.મી. (એક ફૂટ) થી વધારે રાખવું નહીં, તથા પૃષ્ઠભૂમિ તેનાથી બને તેટલો દૂર રહે તેમ કરવું.
૩. જેટલો શક્ય હોય તેટલો અનાવરણ કાળ ટૂંકો રાખવો.
૪. આંખને દશ્ય દર્શકની બને તેટલી નજીક રાખો, દશ્ય દર્શકનું પ્રતિબિંબ દૂર બનતું હોઇને જેને દૂરના ચશ્મા હોય તેને ચશ્મા પહેરવા જરૂરી છે આ માટેના કોન્ટેક્ટ લેન્સ આદર્શ નથી.
૫. કેમેરાને યોગ્ય રીતે પકડો, જે કોઇ ટેકો મળી શકે તેનો ઉપયોગ કરો, શક્ય હોય તો ત્રિપાઇનો ઉપયોગ અવશ્ય કરો.
૬. ઉભા ઉભા ફોટા પાડતી વખતે શરીરના સ્થિર સમતોલન માટે બે પગ વચ્ચેનું થોડું અંતર રાખો, એક પગ સહેજ આગળ રાખો.
૭. સમાવિષ્ટ ફ્લેશવાળા કેમેરાથી ઉભા ફોટા પાડતી વખતે લેન્સનર કરતા ફ્લેશ ઉંચો રહે તેવી રીતે કેમેરો પકડો.
૮. સંયોજન કરો.
૯. શ્વાસ રોકીને ધીરેથી અને મક્કમતાપૂર્વક ચાંપ દબાવો.

જગદીશ ભટ્ટ
ફોટોગ્રાફર

નાની-નાની વસ્તુઓ માં વફાદાર રહો, કારણ કે એમાં જ ખરી તાકાત સમાયેલી છે. — **મધર ટેરેસા**

← વોટ્સએપનો વ્યવહારુ ઉપયોગ કેવી રીતે કરશો?

ટેક્નોલોજીના યુગમાં ભાગ્યે જ કોઇ સ્માર્ટફોન યુઝરના મોબાઇલમાં Whatsapp નહીં હોય, ખરું ને ?

વોટ્સએપનો દબદબો ફક્ત ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં છવાયેલો છે. વોટ્સએપની લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેમાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ યુઝરને કેન્દ્ર સ્થાને રાખીને કરવામાં આવતાં અદ્યતન સુધારાઓ છે. વોટ્સએપમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારની સુવિધાઓ લોકોને તેનો ઉપયોગ કરવા માટે પ્રેરે છે. દુનિયાભરમાં સોશિયલ મેસેજિંગ એપ તરીકે વોટ્સએપની સામે કોઇ એપ ટકી શકતી નથી, કારણકે તેમાં સોશિયલ મેસેજીંગ એપમાં હોવી જોઇએ તેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અને તેમાં નિયમિત રીતે યુઝર્સને ઉપયોગી થાય તેવા સુધારા વધારા કરવામાં આવી રહ્યાં છે. વળી, જ્યારથી ફેસબુક વડે વોટ્સએપને ખરીદવામાં આવી છે, ત્યારથી તેમાં નિયમિત રીતે વિવિધ પ્રકારના યુઝર્સને ઉપયોગી થાય તેવા ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

સોશિયલ મીડિયાના યુગમાં સાઇબર ક્રાઇમ અને ઓનલાઇન છેતરપિંડીનું પ્રમાણ કુદકેને ભુસકે વધી રહ્યું છે. ત્યારે વોટ્સએપ પ્રકારની સોશિયલ મેસેજીંગ એપનો વ્યવહારુ ઉપયોગ કરવો જરૂરી બન્યો છે, અન્યથા તે સમસ્યારૂપ બની શકે છે. આ પ્રકારની સોશિયલ મેલેજીંગ એપનો ઉપયોગ કરતી વખતે અમુક ખાસ પ્રકારની બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે, અન્યથા 'વાતનું વતેસર' થતાં વાર નથી લાગતી.

વોટ્સેઅપ પ્રકારની સોશિયલ મેસેજીંગ એપ પર કોપીરાઇટ પ્રકારની માહિતી, અશ્લિલ ફોટોગ્રાફ કે વિડીયો, ધર્મ કે જાતિને લગતી ઉશ્કેલણી જનક માહિતી મુકવાના કારણે ઉદ્‌ભવતી સમસ્યાઓ અવાર નવાર વર્તમાનપત્રમાં ચમકતી રહે છે. તેથી જ તો વોટ્સએપનો વ્યવહારુ ઉપયોગ કરવો જરૂરી બન્યો છે...પ્રસ્તુત આર્ટીકલ રજુ કરવાનો હેતુ આજની નવી પેઢી અને તમામ મોબાઇલ યુઝર વોટ્સએપનો ક્યા પ્રકારે વ્યવહારુ ઉપયોગ કરી શકાય તે જણાવવાનો છે. તો થઇ જાવ તૈયાર – વોટ્સએપનો વ્યવહારુ ઉપયોગ કરવા માટે...

વોટ્સએપનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

- વોટ્સએપનો ઉપયોગ ફક્ત જરૂરી તેમજ ઉપયોગી માહિતીને ફોરવર્ડ કરવા માટે જ કરવો જોઇએ. તેમાં બિનજરૂરી કે ફાલતુ મેસેજને ફોરવર્ડ ન કરતા તેનો સંયમ પૂર્વક ઉપયોગ કરવો હિતાવહ છે. વોટ્સએપમાં કારણ વિના વારંવાર મેસેજ ફોરવર્ડ કરવાથી અન્ય યુઝર્સ ડિસ્ટર્બ થાય છે.

- વોટ્સએપ પર Freeમાં ઉપલબ્ધ વસ્તુઓ, ડેટા, ઇન્ટરનેટ પ્રકારના મેસેજને ફોરવર્ડ ન કરવા જોઇએ. આ પ્રકારના મેસેજ લોકોને મુર્ખ બનાવે છે. આજના સ્પર્ધાત્મક યુગમાં કંપનીઓ કમાણી કરવા બેઠી છે, તેઓ કોઇપણ વસ્તુ મફતમાં ન જ આપે તે સમજી શકાય તેવી સરળ બાબત છે. આ પ્રકારની Free ઓફરનો સીધો કે આડકતરો ઉદ્દેશ્ય કમાણીનો જ હોઇ શકે તે સામાન્ય રીતે સમજી શકાય તેવી બાબત છે.

- વોટ્સએપમાં આ મેસેજને આટલી વખત ફોરવર્ડ કરો અને જાદુ જુઓ. આ પ્રકારના મેસેજને ફોરવર્ડ કરીને તમારી મુર્ખામીનું પ્રદર્શન કરો તે હિતાવહ છે. આ કામગીરી કરવાથી કોઇપણ પ્રકારનો જાદુ થતો નથી. પરંતુ આપણી બુદ્ધિનું પ્રદર્શન થાય છે. અને અન્ય યુઝર્સ વડે આ પ્રકારની કામગીરી કરવાથી તેમને છેતરાયાનો અહેસાસ થાય છે, તે નફામાં !!!

- વોટ્સએપ પર આ મેસેજ ૧૧ કે ૨૧ ગ્રૃપમાં કે આટલી વ્યક્તિઓને ફોરવર્ડ કરો અને ચમત્કાર જુઓ. વળી, આ મેસેજ ડિલીટ કરશો તો તેનું પરિણામ ખરાબ આવશે. આ મેસેજને ફોરવર્ડ કરો અન્યથા તમારી કુળદેવી કે કુળદેવતાની સોગંધ વગેરે...વગેરે...આ પ્રકારના અંધશ્રદ્ધા ફેલાવતા મેસેજને પોસ્ટ ન કરો કે તેને ફોરવર્ડ પણ ન કરો. આપ પણ જાણો જ છો - ભગવત ગીતામાં જણાવ્યા અનુસાર કર્મના આધારે જ ફળ મળે છે. મેસેજ ફોરવર્ડ કરવાથી નહીં !!! જો મેસેજ ફોરવર્ડ કરવાથી ચમત્કાર થતા હોત તો તો ???? (અરે આ પ્રકારની અંધશ્રદ્ધા વિશે વધુ શું લખું ? એટલું જ જણાવી શકું કે – આ પ્રકારના મેસેજ ફોરવર્ડ કરવાથી કોઇ ચમત્કાર થયો હોય તો મને ચોક્કસથી જણાવજો...)

- વોટ્સએપ પર સરકાર, સમાજ, સંસ્થા, નેતા, મહાનુભાવ, દેવી-દેવતા વગેરે પર કોઇપણ પ્રકારની અણછાજતી પોસ્ટ કે કોમેન્ટ ન કરો. ખાસ કિસ્સાઓમાં આ પ્રકારની કામગીરીની નોંધ લેવાતી હોય છે અને આ પ્રકારની કામગીરી કરનાર સામે સખ્ત કાર્યવાહી થયાના અનેક ઉદાહરણો પણ ઉપલબ્ધ છે. વળી, તમારી આ પ્રકારની કામગીરીના કારણે ગ્રૃપ એડમીન પણ મુશ્કેલીમાં મુકાઇ શકે છે.

- વોટ્સએપ પર ધર્મ, સમાજ કે જ્ઞાતિને લગતી ઉશ્કેરણીજનક, નકારાત્મક કે ટીકાત્મક બાબતો ક્યારેય પોસ્ટ ન કરશો, ફોરવર્ડ ન કરશો કે તેના પર કોઇપણ પ્રકારની કોમેન્ટ ન કરશો. દરેક વ્યક્તિને પોતાના ધર્મ, સમાજ અને જ્ઞાતિ પ્રત્યે લાગણી અને અભિમાન હોય તે સ્વાભાવિક બાબત છે, પરંતુ અન્ય ધર્મ, સમાજ કે જ્ઞાતિને ઉતરતી કક્ષાની ગણાવવી તે કોઇપણ પ્રકારે યોગ્ય ન જ હોઇ શકે. આ પ્રકારની કામગીરી તે ગુનાહિત કાર્ય છે, જેનું ખરાબ પરિણામ આવી શકે.

- વોટ્સએપ પર અશ્લિલ સાહિત્ય, ફોટોગ્રાફ, વિડીયો પ્રકારની માહિતી ક્યારેય પોસ્ટ ન કરશો, ફોરવર્ડ ન કરશો કે તેના પર કોઇપણ પ્રકારની કોમેન્ટ ન કરશો. શક્ય હોય તો આ પ્રકારના ગ્રુપમાંથી દૂર થશો કે આ પ્રકારની પોસ્ટ કરનાર યુઝરને બ્લોક કરશો. આ પ્રકારની પોસ્ટ જે તે યુઝરની માનસિકતાને પ્રદર્શિત કરે છે. જો તમારો મોબાઇલ પરિવારના અન્ય કોઇ સભ્યના હાથમાં આવશે તો તમે કેવી ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાશો ? આ વિશે વધુ કહેવાની જરૂર નથી !!! આપ સમજદાર જ છો....

- વોટ્સએપમાં ગ્રુપના વિષયને અનુરૂપ મેસેજ પોસ્ટ કરવી જોઇએ. જેમકે, સામાન્ય જ્ઞાનનું GK આધારિત ગ્રુપ હોય અને તેમાં જો આ વિષયને અનુરૂપ પોસ્ટ ન મુકવામાં આવે તો તે યોગ્ય નથી જ. ગ્રુપ એડમીન વડે તમને સમજી વિચારીને જ એડ કરવામાં આવ્યાં હોય છે, તો તમે વિષયથી વિપરીત કે અન્ય યુઝર્સને તકલીફ થાય તે પ્રકારના મેસેજ પોસ્ટ ન કરો તે હિતાવહ છે.

- વોટ્સએપ પર અંગત ફોટોગ્રાફ કે ફેમેલી ફોટોગ્રાફને અજાણી વ્યક્તિ સાથે ક્યારેય પણ શેર ન કરવા જોઇએ. અજાણી વ્યક્તિ સાથે ચેટિંગ કરીને મોબાઇલ નંબરની આપ-લે કરવાનું પરિણામ ખરાબ આવી શકે છે. માતા-પિતાએ પણ પોતાના બાળકો મોબાઇલ અને કોમ્પ્યુટર પર શું કરી રહ્યા છે. તેના પર નજર રાખવી જોઇએ. જો સોશિયલ મીડિયા આધારિત એપનો વ્યવહારુ અને સાવચેતી પૂર્વક ઉપયોગ કરવામાં આવશે તો જ તેના દુષ્પ્રભાવથી બચી શકાશે.

- વોટ્સએપ પર કોપીરાઇટ પ્રકારની માહિતી તેમજ ગીત, ગઝલ, કવિતા કે સાહિત્યની કૃતિને શેર ન કરવી હિતાવહ છે. અને જો શેર કરવી જરૂરી હોય તો તેને તેના સર્જકના નામ સાથે આભાર પ્રકારે શેર કરો. માહિતીના રચયિતાને તેની મહેનતની ક્રેડિટ આપવી તે આપણી ફરજ છે.

- તમને ગમતી પોસ્ટ કે મેસેજ પર મર્યાદામાં રહીને વિવેક પૂર્વક યોગ્ય પ્રતિભાવ ચોક્કસથી આપી શકાય, જેથી તેના સર્જકને પ્રોત્સાહન મળે.

આજ પ્રકારની ટેક્નોલોજીને લગતી બાબતો સાથે Tech Guru હેઠળ The Open Page ના માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવી ટેક્નોલોજીને લગતા મુદ્દા સાથે.. અને હા...આપના અમૂલ્ય સૂચનો The Open Page ના માધ્યમ થકી મોકલતા રહેશો..

તેજસ ઠક્કર
IT EXPERT
www.tejasthakkar.com

કાન માટે જે આદત સારી હોય તેના પર (✓) અને જે આદત ખોટી હોય (×) ટીક કરો.

આપેલા પ્રાણીઓને તેના ઘર સાથે જોડો.



આપેલા ચાર જૂથમાં અલગ પડતી વસ્તુ પર ● કરો.

૧. સ્કૂલ

૨. સંગીતના સાધનો

૩. બિલ્ડીંગો

૪. વાહનો

આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી દર્શાવો

રંગ પૂરણી

ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૮-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ

નામ: ____________________

સ્કૂલનું નામ: ____________________

ધોરણ: ____________ **મો.નં.:** ____________

ફોટો

૧. પીળો
૨. કાળો
૩. વાદળી
૪. કેસરી
૫. કથ્થઈ
૬. લવન્ડર
૭. પોપટી
૮. લીલો
૯. ઘાટો લીલો

આપેલા નંબરો જોડી કયું ચિત્ર બને છે તે જુઓ.



ચાલો ચકલી દોરતા શીખીએ.



સરખા દેખાતા બે ચિત્રમાંથી દસ તફાવત શોધો

આપેલા ચિત્રોને તેમના રોજિંદા વ્યવસાયમાં વપરાતી વસ્તુઓ સાથે જોડો.



નીચે આપેલી લાગણીઓના નામ શોધો.

ભ	ય	લો	ગ	જ	ગૌ	ની	જા	નો	ળ	તિ
લા	ભ	વ	ર	ર	ફા	બા	વ	પા	ર	રો
તા	ઝ	ડ	વ	ચી	આ	ઈ	ભી	સ્કા	ક	ના
ગ	ઢો	ચી	મ	થ	શ્વ	ન	ર	ના	રો	ચ
ગુ	સ્સો	ગુ	લા	ર	ર્ય	તુ	ટો	ચિ	રુ	અ
ધી	માં	દ	ચા	અ	જ	મ	સુ	ખ	રે	ન
ના	લે	ગા	ની	ક	ન	તા	બ	ડે	પ્રે	મ
મ	આ	બો	બા	ળા	ક	રી	ના	સી	ર	નો
છો	ડો	શ	ર	મ	મા	સી	રા	યા	માં	રં
હી	ન	ર	ભૂ	ણ	મી	દા	ક	રો	સી	જ
ગ	ખ	ત	હા	ન	ર	ઉ	ત્સા	હ	ડા	ન

૧. મનોરંજન
૨. ગુસ્સો
૩. તિરસ્કાર
૪. અરુચિ
૫. અકળામણ
૬. ભય
૭. ઉત્સાહ
૮. સુખ
૯. પ્રેમ
૧૦. ગૌરવ
૧૧. ઉદાસી
૧૨. શરમ
૧૩. આશ્ચર્યજનક

યોગ્ય ગણતરી કરી સાચો જવાબ લખો.



‘મસ્તી કે લિયે પસ્તી’

તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, સાણંદ તેમજ ટીમ એજ્યુકેશન સાણંદ દ્વારા યોજવામાં આવેલ એક નવતર પ્રયોગ ‘મસ્તી કે લિયે પસ્તી’ના અંતર્ગત સાણંદ તાલુકાના ૧૦૦૦ શિક્ષકો દ્વારા આ પ્રકલ્પ માટે ૫ કિલોથી માંડી ૪૫૦ કિલો સુધી વર્તમાનપત્રની પસ્તી એકત્ર કરવામાં આવેલ છે. એકત્ર થયેલ કુલ ૧૩૫૦૦ કિલો પસ્તીના વેચાણથી મળેલ આવક તેમજ શિક્ષક મિત્રો તેમજ અન્ય સહયોગીઓ દ્વારા વસ્તુઓ માટે મળેલ સહયોગના લીધે વિદ્યાર્થીઓ ને ઉપયોગી એવી ૬૧ વસ્તુઓ જેવી કે સાયકલ, ગણવેશ, સ્કૂલ બેગ, ચોપડા, પેન, પેન્સિલ વગેરે વસ્તુની કીટ તૈયાર કરવામાં આવી છે. આ કીટ ની કુલ કિંમત ૧૨૫૦૦ છે.

૩ ઓગષ્ટના રોજ, સંસ્કાર ધામ, મનીપુર (ગોધાવી) અમદાવાદ ખાતે, માનનીય શિક્ષણ અને મહેસૂલ મંત્રી શ્રી, ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ સંસદીય સચિવ શ્રી બાબુભાઈ જે. પટેલ વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધીત કર્યા હતા. સાણંદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ભણતા ૩૪ (ચોત્રીસ) અનાથ બાળકોને આ કીટ તથા દીકરીઓને અલગથી ૫ જોડી ટી-શર્ટ અને લેગીન્સ આપવામાં આવી. માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાં દ્વારા થયેલ આ પહેલને ધી ઓપન પેજ દ્વારા સહયોગ આપવામાં આવેલ છે. જેની વધુ વિગતો માટે સંપર્ક કરો.

જૂનાગઢની સરસ્વતી સ્કૂલમાં ગુરુ પૂર્ણિમાની શાનદાર ઉજવણી...

અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુપૂર્ણિમાની સરસ્વતી સ્કૂલમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી સરસ્વતી સ્કૂલમાં આ કાર્યક્રમનો ફ્લોટ બનાવવામાં આવ્યો હતો અને અનેક વિદ્યાર્થીઓએ ગુરુની ભૂમિકામાં તથા શિષ્યની ભૂમિકામાં રહી ગુરુ પૂર્ણિમાની ભાવપૂર્વક ઉજવણી કરી હતી.

સરસ્વતી સ્કૂલમાં આશ્રમનું વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું અને ‘જીવનમાં ગુરુનું મહત્વ’ એ વિષય પર વિદ્યાથીઓએ વક્તવ્યો પણ આપ્યા હતા.

ગુરુ પૂર્ણિમાના તહેવાર તથા જીવનમાં ગુરુના મહત્વ બાબતે સરસ્વતી સ્કૂલના સંચાલકોએ જણાવ્યું છે કે પ્રત્યેક દેશની સંસ્કૃતિ અલગ અલગ હોય છે. કોઇપણ સમાજમાં તેની સંસ્કૃતિનું ખાસ મહત્વ હોય છે. આપણે ત્યાં ગુરુ-શિષ્ય પરંપરાનું સ્થાન અજોડ છે. જ્ઞાનને કર્મમાં પરિવર્તિત કરનાર વેદવ્યાસજીનો જન્મ દિવસ એટલે ગુરુ પર્વ, ગુરુ પૂર્ણિમા.

આ પાવન અવસરે જ વ્યાસમુનિનો પણ જન્મ દિવસ છે. આ દિવસને વ્યાસ પૂર્ણિમાને નામે પણ ઓળખવામાં આવે છે. વ્યાસ મુનિ હિન્દુ ધર્મના આદિ ગુરુ છે, તેથી ગુરુ પૂર્ણિમાના દિવસે વ્યાસપૂજા પણ થાય છે. પરાશર મુનિ અને સરસ્વતીના પુત્ર વેદ વ્યાસજી એ પંચમ વેદને મહાભારતીની રચના આ દિવસે પુરી કરી હતી. અને બ્રહ્મસુત્ર ગ્રંથનું લેખન શરૂ કર્યું હતું.

બાળકને કુદરતના સાનીધ્યમાં તેની સાથે સંબંધ કેળવતાં શિખવવું જરૂરી છે

બાળક – સાહસીકતાનું સર્જન

આપણે સૌ જાણીએ છીએ કે આજના સમયમાં શિક્ષણનું ખૂબ જ મહત્વ છે. આપણા સમાજમાં ચોતરફ અત્યારે શિક્ષણનું વંટોળ છે. જ્યાં પણ જુઓ સ્કૂલો અને કલાસીસમાં બાળકો ભણતા નજરે પડે છે. અને આ શૈક્ષણિક સમાજના લીધે જ અત્યારે આપણે પ્રગતિના પંથ પર છીએ.

આજની આ ટેકનોલોજીવાળી જીંદગીમાં આપણા અભ્યાસક્રમ મુજબ બાળક ૩ વર્ષનું થાય ત્યારથી જ તે શિક્ષણ મેળવતું થાય છે. અને એક પછી એક ડગલું આગળ ભરતું થાય છે. ‘૩ વર્ષથી ૩૦ વર્ષ’ સુધી તે સતત જુદા-જુદા અભ્યાસક્રમોમાં રચ્યું – પચ્યું રહે છે. આમ, જોતા-જોતા તેનું બાળપણ ક્યારે વિસરાઇ જાય છે તેની ખબર જ રહેતી નથી.

પણ આ શિક્ષિત સમાજના એક નાગરીક તરીકે એક શિક્ષક, વાલી, સંચાલક તરીકે આપણી નૈતિક ફરજ છે કે બાળકનો સર્વાંગી વિકાસ થાય તે જોવું. દરેક બાળકમાં એક વિશિષ્ટ આવડત છે. પણ બાળકની આ કુનેહતા ને જોઇ ને તેને આગળની દિશામાં ધપાવવાની જરૂર છે. બાળકને માત્ર ચાર દિવાલો વચ્ચે ના રાખતા તેને કુદરતના ખોળે રમવા મુકવું એ પણ જરૂરી છે.

પ્રસિદ્ધ કવિ ઉમાશંકર જોષી એ પણ કીધું છે.

‘પશુ છે, પંખી છે, વનોની છે આ સૃષ્ટી’ તો આ ઊક્તીને સાર્થક કરતા આપણે સૌ કુદરતનો સાથ માણીએ.

એવી ઘણી બધી વસ્તુઓ છે જે બાળક કુદરતના ખોળે રમતું રમતું શીખે છે. બાળકને કુદરતના સાનિધ્યમાં તેની સાથે સંબંધ કેળવતાં શિખવવું જરૂરી છે. તેને દરેક બાબતોનું જ્ઞાન હોવું જરૂરી છે. દરેક બાળકમાં કંઇક નવું સાહસ કરવાની વૃત્તી છે. તો તેની આ સર્જનાત્મકતાને બહાર લાવવાની અને તેને કેળવવાની ફરજ આપણે સૌએ અદા કરવાની છે.

આપણી આસપાસ આજે ઘણી બધી એડવેન્ચર, કેમ્પસાઇટ, એડવેન્ચર પાર્ક અને બીજા રમણીય સ્થળો ઉપલબ્ધ છે. તો બાળકોને ત્યાં લઇ જઇને જુદી-જુદી રમતો અને સાહસિક પ્રવૃત્તિ કરાવવાથી તેમનામાં એક સાહસિક પ્રવૃત્તિ કેળવાય છે. જેનાથી તેઓ પરસ્પર એક બીજાની સાથે રહેતા શીખે છે. અને પોતાનું આત્મરક્ષણ કરતા શીખે છે. જ્યારે પણ કોઈ આપત્તિ આવે તો તેનો બાળક નિડરતાથી સામનો કરી શકે અને પોતાનો બચાવ કરી શકે.

તો આવો આપણે સૌ સાથે મળીને બાળકોની સર્જનાત્મકતા અને સાહસિકતાને ખીલવવાનાં સહીયારા પ્રયાસમાં જોડાઈએ.

અનિલ ગોસ્વામી
કેમ્પ ઓર્ગેનાઇઝર

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386